# ધૂપસુગંધ

## (પ્રેરણાદાયી પ્રસંગો)




## - શ્રી યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન
**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *


e-book

Title : Dhoop-Sugandh
Language : Gujarati
Version : 2.0
Pages : 66
Created : March 08th 2008.


* * *

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



## <u>પ્રસ્તાવના</u>

ધુપની સુગંધ જેટલી આનંદદાયક અને આકર્ષક લાગે છે એટલી જ, બલ્કે એથી પણ આનંદદાયક અને આકર્ષક સુગંધ સદવિચારો, સદભાવો અને શુભપ્રસંગોની હોય છે. જીવનમાં એ નવો રસ પ્રકટાવે છે તથા નવી પ્રેરણા અને તાજગી બક્ષે છે. એમની સ્મૃતિ અને વારંવારની સ્મૃતિ પણ સુખદ હોય છે.

આ પુસ્તકમાં પ્રગટ થયેલા પ્રસંગો પણ એવા જ પ્રેરક અને સુખદ છે. એમના વાચનમનનથી સૌને ઓછાવત્તા પ્રમાણમાં લાભ થશે એવી આશા છે.

આવા જ પ્રેરક પ્રસંગોનો એક બીજો સંગ્રહ 'પરબનાં પાણી' નામે તાજેતરમાં જ પ્રગટ થયો છે. વાચકોને એ જેમ ખુબ જ ગમ્યો છે, તેવી રીતે આ સંગ્રહ પણ ગમશે જ. આમાં સમાવાયેલાં બધા પ્રસંગો પણ રાજકોટથી પ્રકટ થતા દૈનિક 'ફુલછાબ'માં ક્રમેક્રમે છપાયેલા અને વાચકોના વિશાળ વર્ગની ચાહના પણ પ્રાપ્ત કરી ચુકેલા. એ જ પ્રસંગો હવે પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે ત્યારે, એ સિવાયના બીજા વાચકોને પણ ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

વાચકો ગુણજ્ઞવૃત્તિથી પ્રેરાઈ આ પ્રસંગોના સારને જીવનમાં ઉતારશે એવી આશા રાખું તો તે વધારે પડતી નહિ લેખાય.

- યોગેશ્વર
મુંબઈ



* * * * *

# અર્પણ

સદવિચારોની ધૂપસુંગધ લેવા ટેવાયેલા
ગુણાનુરાગી વાચકગણને

# અનુક્રમણિકા


૧. ભગવાં વસ્ત્રોની ભ્રમણા
૨. મૃત્યુનું જ્ઞાન
૩. પ્રાર્થનાની શક્તિ
૪. પરમ શાંતિ
૫. જલેબીનો પ્રસંગ
૬. ભક્તોની જવાબદારી
૭. બાળકના સંસ્કાર
૮. પ્રભુ ધારે તે કરે
૯. મહર્ષિની જાગૃતિ
૧૦. ગતિ અને ઉન્નતિ
૧૧. ગુરૂભક્તિ
૧૨. મહાપુરુષોની ઓળખ
૧૩. દેવપ્રયાગના સાધુ
૧૪. વેશ્યા અને સાધુ
૧૫. કબીર અને રામનામ
૧૬. યાત્રા અને મદદ
૧૭. જડભરત અને શંકરાચાર્ય
૧૮. મિથ્યાભિમાન
૧૯. વિવેકાનંદ
૨૦. ઔષધથી સમાધિ
૨૧. અજબ અનુભવ
૨૨. એ યોગી કોણ હતા ?
૨૩. અમરનાથની કૃપા
૨૪. હૃદયપલટો
૨૫. ગૌતમી અને બુદ્ધ
૨૬. સંક્ષિપ્ત ગાયત્રીમંત્ર
૨૭. વિભીષણ અને રામ
૨૮. લક્ષ્મણની પવિત્રતા
૨૯. ચમત્કારિક પત્થર
૩૦. ધરમપુરના મહાત્મા
૩૧. પ્રહ્લાદના સંસ્કાર
૩૨. શિષ્યની પરીક્ષા
૩૩. ગુરૂની પ્રાપ્તિ




* * * * *

## ૧. ભગવાં વસ્ત્રોની ભ્રમણા

હિમાલયમાં કેટલીકવાર સાંજનો સમય ઘણો જ સુંદર લાગે છે. આકાશના ગુલાબી રંગો પર્વતીય પ્રદેશમાં ઘણા ઓછા દેખાય છે, છતાં કેટલીક વાર તેમને જોતાં તૃપ્તિ થતી નથી. એવી એક સાંજે અમે આશ્રમની બહાર બેઠાં હતાં. એટલામાં એક સંન્યાસી મહારાજ આવી પહોંચ્યા.

તેમણે મને પુછ્યું : 'તમે અહીં કેટલા વખતથી રહો છો ?'

મેં કહ્યું : 'ચારેક વર્ષથી.'

તે કહે : 'ઘણી સારી વાત છે. સ્થાન પણ સારું છે. પણ તમે હજી બ્રહ્મ તો નથી થયા ને ?'

મેં પુછ્યું : 'બ્રહ્મ થવું એટલે શું ?'

'મારી જેમ ભગવાં કપડાં ધારણ કરો એટલે સીધા બ્રહ્મ થઈ જવાય.' તેમણે જવાબ આપ્યો; 'મને તો મારા ગુરૂએ ભગવું પહેરાવ્યું ને દીક્ષા આપી, ત્યારથી હું બ્રહ્મ થઈ ગયો. હવે આમતેમ આનંદથી ફર્યા કરું છું.'

મેં કહ્યું : 'જો એમ જ હોય તો બ્રહ્મ થવાનું કામ ઘણું સહેલું છે. ગુરૂ તો બધે મળી રહે છે, ને દીક્ષા આપીને કાન ફુંકનારા ગુરૂ પણ સહેલાઇથી મળી રહે છે. બ્રહ્મની પ્રાપ્તિ માટે ને બ્રહ્મમય થવા માટે ઋષિમુનિને આકરાં તપ કરવાં પડ્યાં હતાં. એટલે બ્રહ્મ થવાનું કામ આમ બોલી જવા જેટલું સહેલું નથી. કોઈપણ પ્રકારના સાધન યા પરિશ્રમ વગર એમ સહેલાઈથી બ્રહ્મમય થવું અશક્ય છે.'

'પણ તમે ભગવું પહેરી જુઓ તો ખરા કે બ્રહ્મમય થવાય છે કે નહીં ?' તેમણે ચાલુ રાખ્યું.

મેં કહ્યું : 'ના, મારે ભગવાંની જરૂર નથી. એનો મોહ પણ નથી. બધાએ પહેરવું જ જોઈએ એમ પણ હું માનતો નથી. ભગવું તો એક નિશાની છે. તેનો રંગ અગ્નિ જેવો છે. જેમ અગ્નિ પોતાની અંદર હોમાતી વસ્તુઓને બાળી નાખે છે, તેમ ભગવું પહેરનાર માણસે પોતાની કામના અને વાસના, અહંવૃત્તિ તથા મમતાને, જ્ઞાનના અગ્નિથી બાળી દીધી છે એમ જાણી શકાય છે. પણ બધાએ એનો આશ્રય લેવો જ જોઈએ એવો દુરાગ્રહ નકામો છે. જે બ્રહ્મમય થાય છે એ તો બીજા બધા પ્રત્યે સમતા ને સહાનુભૂતિ રાખે છે, સૌમાં પરમાત્માનું દર્શન કરે છે, ને નમ્રતા ધારણ કરે છે. તમે તો નમ્રતા ને સહાનુભૂતિ ધારણ કરવાને બદલે કટ્ટર બન્યા છો. એટલે તમે બ્રહ્મમાં નહીં, ભ્રમમાં રમો છો. હજી જીવન બાકી છે ત્યાં સુધી ચેતી જશો ને સૌને ભગવાં પહેરાવીને બ્રહ્મમય બનાવવાની ભ્રમણા દુર કરશો, તો પરમાત્માની કૃપાથી ખરેખર બ્રહ્મમય બની શકશો. બાકી હાલની દશા જોતાં તો તમારું ભાવિ નબળું છે.'

*  *  *  *  *

## ૨. મૃત્યુનું જ્ઞાન

એક માણસે એક મહાન સંતની સારી પેઠે સેવા કરી, તેથી સંતપુરૂષ પ્રસન્ન થયા. સેવાના બદલામાં તેમણે કોઈ વરદાન માગવા કહ્યું. સેવકે કહ્યું, 'તમે પ્રસન્ન થયા હો તો મને મૃત્યુનું જ્ઞાન થઈ જાય એવો આશીર્વાદ આપો.'

સંતપુરૂષે કહ્યું : 'અરે, તેં આવું શું માગ્યું ? તું ધારે તો હું તને તું છે તેથી પણ વધારે વૈભવી ને સુખી બનાવી શકું તેમ છું, કાંઈક બીજું માગ. મૃત્યુના જ્ઞાનને મેળવવાથી શું વળશે ?'

સેવકને થયું કે મહાપુરૂષ આનાકાની કરે છે. માટે મૃત્યુના જ્ઞાનમાં જરૂર કાંઈક રહસ્ય હોવું જોઈએ, એટલે તેણે દૃઢતાથી કહ્યું : 'તમારી કૃપાથી હું સુખી તો છું જ. મૃત્યુના જ્ઞાનની જ મારામાં ઉણપ છે, તેથી તે જ્ઞાન મને આપો.'

સંતપુરૂષે તેને સમજાવ્યો : 'મૃત્યુની માહિતીમાં મજા નથી.' પણ તેણે માન્યું જ નહીં. ત્યારે તેમણે કહ્યું : 'જા, આજથી તને તારા મૃત્યુનું જ્ઞાન થઈ જશે.'

તેમના વચન પ્રમાણે તેને પોતાના મૃત્યુની માહિતી મળી ગઈ, પણ તેથી એ ધ્રુજી ઉઠ્યો. તેનું મૃત્યુ અઠવાડીયામાં જ થવાનું હતું. એ રડવા માંડ્યો. જે આનંદથી તે જીવન જીવતો હતો, તે આનંદ દુર થઈ ગયો. ખાવાનું, ફરવાનું, સુવાનું, બધું તેને માટે અકારૂં થઈ પડ્યું. અત્યારથી જ મરી જવા જેવી તેની દશા થઈ ગઈ. બીજે જ દિવસે તે સંત પાસે ગયો, ને તેમના ચરણોમાં ઢળી પડ્યો. કારણ પૂછતાં તેણે કહ્યું : 'મૃત્યુનું જ્ઞાન થયું ત્યારથી જ મારા હોશકોશ ઉડી ગયા છે.'

સંતપુરૂષે કહ્યું : 'મેં તને પહેલાં જ કહ્યું હતું. બોલ હવે શું કરું ?'

સેવકે કહ્યું : 'હવે તો એવી કૃપા કરી દો કે મૃત્યુનું મળેલું જ્ઞાન હું સંપૂર્ણપણે ભુલી જાઉં. મૃત્યુ તો આવશે જ, પરંતુ વચ્ચેના વખતમાં તો હું શાંતિપૂર્વક જીવી શકું.'

સંતપુરુષે દયા કરી તેને ફરી આશીર્વાદ આપી તેનું દુઃખ દુર કર્યું.

આની સામે પરીક્ષિતની વાત મુકી શકાય તેમ છે.

શમીક ઋષિના ગળે તે મરેલા સાપને વીંટાળી જંગલમાંથી પાછો ફર્યો ત્યારે ઋષિના પુત્રે તેને શાપ આપ્યો : 'આજથી સાતમે દિવસે તક્ષક નાગના કરડવાથી તારૂં મૃત્યુ થશે.' એ જાણીને પરીક્ષિતને શોક થયો. પણ તે સમજુ હતો, એટલે એ જ્ઞાનનો તેણે પોતાના હિત માટે ઉપયોગ કર્યો. શુકદેવ પાસેથી સાત દિવસ સુધી ભગવાનના ગુણગાન સાંભળી તેણે શાંતિ મેળવી.

છતાં એવા પ્રસંગ તો અપવાદરૂપે જ બનવાના. વધારે ભાગે તો મૃત્યુના જ્ઞાનથી માણસ મુંઝાઈ જવાનો, તથા તે જ્ઞાન પર પડદો નાખી પ્રભુએ ઠીક જ કર્યું છે ને જેને કલ્યાણ કરવું છે તે તો મૃત્યુના ચોક્કસ જ્ઞાન વિનાયે કરી શકે છે. મૃત્યુ આવવાનું છે, એ તો બધા જાણે છે, એટલે એ જ્ઞાનનો ઉપયોગ માણસ જીવનના મંગલ સારુ કરી શકે છે. આ સંસારમાંથી સૌએ વહેલું કે મોડું વિદાય થવાનું જ છે, એ વાત યાદ રાખીને માણસ આજથી જ પોતાના હિતસાધનમાં લાગી શકે છે. આ જીવન આપણા પહેલાંના જીવનનાં

કર્મોનું ફળ છે. અનંત જન્મોથી આપણે કર્મો કર્યા કરીએ છીએ. એ કર્મોના સારા-નરસાં ફળને પણ ભોગવીએ છીએ. આ ચક્ર ચાલ્યા જ કરે છે. પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી જ આ ચક્રનો અંત આવી શકશે.

*   *   *   *   *

## ૩. પ્રાર્થનાની શક્તિ

ઈ. સ. ૧૯૪૭ દરમ્યાન કલકત્તામાં જે રમખાણ થયું તે વખતે એક પ્રસંગ બનેલો. લુંટફાટ, ખુન અને અત્યાચાર કરનારી એક ત્રિપુટીએ એક ઘરમાં હથિયાર સાથે પ્રવેશ કર્યો. ઘરમાં પેસી એ ત્રણે ગુંડાઓએ ઘરના મોટા માણસોને મારી નાખ્યા. પછી ઘરમાં બેબાકળી બની ગયેલી યુવાન કન્યા પર બળાત્કાર કરવાનો વિચાર કર્યો. પરંતુ કન્યા યુવાન, સુંદર ને ભણેલી હતી. તેનું શિયળ લુંટાવાનો વખત પાસે હતો. જે પવિત્ર સ્ત્રીને પોતાના શિયળની કીમત છે તે તો શિયળનો ભંગ થતાં પહેલાં જ મરવાનું પસંદ કરે. પણ ભુખ્યા વરુ જેવા ગુંડાઓ સામે મરવા માટે કોઇ સાધન ન હતું.

પણ એથી કાંઈ હિંમત હારી જવાય ? કન્યાને ભગવાન પર શ્રદ્ધા હતી. ભગવાને દ્રૌપદીની લાજ રાખી તે વાતની તેને ખબર હતી. તેણે ખુબ વ્યાકુળ થઈ પ્રભુની પ્રાર્થના કરી. આંખમાં આંસુ સાથે તેણે પોકાર કરવા માંડ્યા. 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ.' શરીરે કંપ ને રોમાંચ, આંખમાં આંસુ ને અંતરમાં આક્રંદ.

તે બહેનની દશાનો તમે વિચાર કરી લેજો. તેનું દિલ કેટલું કંપતું હશે ? શિયળની રક્ષાને જે મહત્વની માને છે તે બેનો, તે બેનની દશાનો ખ્યાલ સહેલાઈથી કરી શકશે. પણ પ્રભુ બહુ દયાળુ છે. તે યુવાન કન્યાની કાકલુદીભરી અરજ સાંભળીને તેની મદદ માટે દોડી આવ્યા, અને આખો પ્રસંગ પલટાઈ ગયો. તે ત્રણે ગુંડાઓ કન્યાને જોઈને નાચવા લાગ્યા ને કન્યા પર પહેલો બળાત્કાર કોણ કરે તે માટે વિવાદમાં પડ્યા. ત્રણે વચ્ચે વિવાદ વધી પડ્યો ને પછી તો તેને પરીણામે તકરાર થઈ પડતાં એક ગુંડાએ બીજાનું ખુન કર્યું. એ જોઈ ત્રીજો ગુંડો ઉશ્કેરાઈ ગયો. ગુસ્સામાં આવી તેણે પોતાની સાથે લડતાં ગુંડાનું ખુન કરી નાંખ્યું. ઉશ્કેરાટમાં આવેલો તે ગુંડો, કન્યાને ભુલી ગયો હોય તેમ બારણાં ખુલ્લાં મુકી નાસી ગયો.

આ વખતે પેલી પવિત્ર પ્રભુપરાયણ કન્યાને કેટલો બધો આનંદ થયો હશે, ને તેણે ઈશ્વરનો કેટલો ઉપકાર માન્યો હશે, તેનો વિચાર તો કરો ! કુટુંબના જે માણસોને મારી નાખ્યા હતા તે તો હવે ક્યાંથી છૂટી શકે ? પણ જેમને બાંધ્યા હતા તેમને છુટા કર્યા. ને તેમની સાથે પોતે સલામત સ્થાનમાં નાસી છુટી. દ્રૌપદીના ઉદાહરણની યાદ આપનારો આ પ્રસંગ કેટલો બધો પ્રેરક છે ?

કલકત્તાની એ વીર કન્યાનું ઉદાહરણ શ્રદ્ધાભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. વીર કન્યાએ દુઃખમાંથી છુટવા ભગવાનને દ્વારે પોકાર પાડ્યો, તો ભગવાને તે સાંભળ્યો ને કન્યાનું દુઃખ દુર થયું. આપણે પણ કોઈવાર મુસીબતમાં પડીએ છીએ, ત્યારે ભગવાનને યાદ કરીએ છીએ, ને પ્રાર્થના કરીએ છીએ. તો ભગવાન તે જરૂર સાંભળે છે અને આપણને મદદ કરે છે. કોઈક વાર તો ઉગરવાની આશા પણ ન હોય, મદદ માટેની બારીઓ બધી બાજુથી બંધ થઈ ગઈ હોય, અને અંતરમાં ઊંડી નિરાશા છવાઈ ગઈ હોય, ત્યારે થયેલી પ્રાર્થના જરૂર ફળે છે, ને અણધારી મદદ મળી રહે છે. પરીણામે મુસીબત દુર થઈ નિરાશા મટી જાય છે. સાચા દિલના પોકારથી આટલો બધો લાભ મળે છે, ત્યારે ઈશ્વરને રોજ પુકારવાથી ને રોજરોજ યાદ કરવાથી કેટલો બધો લાભ થતો હશે ? પ્રભુને કાયમને માટે ભજનારા ભક્તોની મદદ માટે પ્રભુ કેટલા જલદી

ને વિરાટ પ્રમાણમાં તત્પર રહેતા હશે ? માટે પ્રભુને રોજરોજ યાદ કરો. પ્રેમથી યાદ કરો. દરેક દશામાં યાદ કરો.

* * * * *

## ૪. પરમ શાંતિ

હિમાલયમાં ઉત્તરકાશી નામે એક સ્થાન છે. થોડાં વરસો પહેલાં ત્યાં એક મહાત્મા રહેતા હતા. તેમણે ભારે તપ, વ્રત અને અનુષ્ઠાન કર્યાં હતાં. પણ તે છતાં તેમને શાંતિ મળી નહિ. છેવટે તેમને કંટાળો આવ્યો. શાંતિ વિનાનું જીવન એમને સાલવા લાગ્યું. તેમણે વિચાર કર્યો કે શાંતિ નહીં મળે ત્યાં સુધી ચેન નહીં વળે. હવે તો આ શરીરને ફગાવી દેવું જોઈએ. કાં તો શરીર પડી જાય, કાં તો શાંતિ મળે. બાકી અશાંતિની આ દશામાં જીવવાનું જરા પણ ઠીક નથી.

ઉત્તરકાશીથી તે ગંગોત્રી ગયા ને ગંગોત્રીથી લગભગ બે માઈલ દુર એક ગુફામાં એમણે આસન જમાવી દીધું. શાંતિ મળે કે પછી દેહ પડે, પણ અન્નજળ ન લેવાં એવો નિર્ણય કરીને, તે પ્રભુનું સ્મરણ કરતાં વખત વીતાવવાં માંડ્યા.

ત્રણ દિવસ થઈ ગયા, પણ શાંતિ ન મળી. મહાત્માજીની ચિંતા વધતી જતી હતી. શરીર છોડી જ દેવું હોય તો ક્યાં વાર લાગે એમ છે ? ગંગાજીમાં પડવાથી શરીર શાંત થઈ શકે - પણ એમના મનમાં આશા હતી. ભગવાનની દયા પર એમને વિશ્વાસ હતો. ભગવાન ને સંતોના શબ્દોમાં શ્રદ્ધા હતી. પોતાના ભક્તની રક્ષા કરી બધી કામના પુરી કરવી એ તો તેમનું વ્રત છે. એ વ્રતમાં એમને શ્રદ્ધા હતી.

અને આખરે એ શ્રદ્ધા સાચી ઠરી. ચોથે દિવસે સવારે ગુફામાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો. મહાત્માજીએ જરાક અચરજ ને આનંદ સાથે જોયું તો પોતાની સામે કોઈ દૈવી સંતપુરૂષ ઊભા હતા. તેમનું શરીર ખુબ તેજોમય ને મંગલ હતું. કેટલું સુંદર દર્શન ? મધથી પણ વધારે મીઠી વાણીમાં તે બોલ્યા : 'બેટા, આ એકાંત જંગલની ગુફામાં આમ ભુખે ને તરસે કેમ બેઠો છે ?'

મહાત્માજીએ ઉત્તર આપ્યો : 'મારે શાંતિ જોઈએ છે.'

'શાંતિ ?' તે દૈવી પુરુષે કહ્યું, 'તું શાંતિ સ્વરૂપ જ છે. આ સ્થળમાંથી તું જલદી નીચે ચાલ્યો જા ને ઉત્તરકાશીમાં વાસ કર. તને શાંતિ જરૂર મળી જશે.'

એટલું કહીને એ મહાપુરૂષ અંતર્ધાન થઈ ગયા. મહાત્માજીની સાધના ફળી. એમના આનંદની અવધી ન રહી.

એ ઉત્તરકાશી આવ્યા. ત્યાં થોડા વખતમાં એમને નિર્વિકલ્પ સમાધિ થઈ. બાકીનું જીવન તેમણે શાંતિમાં પુરૂં કર્યું.

આ અનુભવ સાચો છે. તમે પણ જો એક અથવા બીજી જાતના અનુભવની ઈચ્છા કરતા હશો, ને તે માટે બરાબર પ્રયાસ કરતા હશો તો તમને પણ અનુભવ થશે. એ વાતમાં વિશ્વાસ રાખજો. બધા સાધકોને એક જાતના અનુભવ નથી થતા. બધાના અનુભવ કેટલીક વાર જુદાજુદા હોય છે. પણ તમારી ગાડી સીધા પાટા પર ચાલતી હશે તો એક કે બીજી જાતના અનુભવ તમને જરૂર થશે. ઈચ્છા રાખવા છતાં અનુભવ ન થાય, તો સાધના મુકી ન દેતા, અશ્રદ્ધા ન કરતા. સાધનાની ગાડીને ચાલુ જ રાખજો. તેને આગળ ને આગળ ધપાવ્યે જ રાખો. બીજા મહાપુરુષોના આવા અનુભવ નજર સામે રાખીને, પ્રેરણાનું ભાથું ભરો ને ઉત્સાહ, આશા તથા હિંમત વધારો. જે મહાત્મા પુરૂષની વાત આપણે કરી ગયા, એમને શું એક જ દિવસમાં આવો

દૈવી અનુભવ થયો હતો કે ? બાર વરસ તો એમણે આકરી તપશ્ચર્યા કરી. કેટલોક વખત ફલાહારી, તો કેટલોક વખત દુધ પર રહ્યા. કેટલાં બધાં વ્રત અથવા અનુષ્ઠાન કર્યા બાદ છેવટે શાંતિને માટે તેમનું હૃદય રોઈ ઉઠ્યું, ત્યારે એમને આવી રીતે શાંતિ મળી.

* * * * *

## ૫. જલેબીનો પ્રસંગ

ઈ. સ. ૧૯૪૪માં બદરી, કેદાર, ગંગોત્રી ને જમનોત્રીની યાત્રા કરી અમે ઋષિકેશ આવ્યાં. ત્યાં આવ્યા પછી માતાજીને મરડો થયો. ઝાડામાં લોહી પણ પડવા માંડ્યું, તેથી થોડા વખતમાં તેમની નબળાઈ ઘણી વધી ગઈ. અમારી સાથેના મનુભાઈને કોલેરા લાગુ પડ્યો. કોઈ કામ માટે તે દહેરાદુન ગયા, ને પછી ત્યાં જ બિમારીમાં પટકાઈ પડ્યા. માતાજીની દશા ઘણી ગંભીર થઈ ગઈ, પણ પ્રભુએ કૃપા કરી. લગભગ એકાદ માસની ભંયકર બીમારી પછી, એક રાતે એમને ભગવાન રામના તેજોમય સ્વરૂપનું દર્શન થયું. ને તે દિવસથી તેમને આરામ થવા માંડ્યો. જરાક ભોજન લેવાનું પણ શરૂ થયું.

પછી તો એક દિવસ એમને જલેબી ખાવાની ઈચ્છા થઈ. પરંતુ લાચારી હતી. સાધારણ ભોજન કરવા જેટલા પૈસાની જ કમી હતી, ત્યાં વળી જલેબી લાવવાના પૈસા ક્યાંથી કાઢવા ? માતાજીને મેં મારી તકલીફ જણાવી. તે સમજી ગયાં.

તે જ દિવસે લગભગ અગિયારેક વાગ્યાના સુમારે અમે રહેતા હતા તે ધર્મશાળામાં એક બાઈ આવી પહોંચી. ધર્મશાળામાં ફરતાં ફરતાં તે મારી ઓરડી પાસે આવી પહોંચી. ઓરડીની અંદર આવીને એણે મારી સામે થાળી ધરી, ને તેમાંનું ભોજન લઈ લેવાનું કહ્યું. મને ખુબ આશ્ચર્ય થયું. બાઈ ઘણી સ્વરૂપવાન હતી. તેણે સુંદર વસ્ત્રો પહેર્યા હતાં. એની આકૃતિ પરથી એ કોઈ મારવાડી બાઈ હોય એમ લાગતું હતું. મેં એનું ભોજન લેવાની પહેલાં તો ઘણી આનાકાની કરી, પણ એનો આગ્રહ જોઈને છેવટે તે લઈ લીધું. તેણે કહ્યું : 'બદરીનાથની યાત્રા કરી હજી આજે સવારે આવીને આ ધર્મશાળામાં ઉતરી છું. મેનેજર પાસેથી તમારી ભાળ મેળવીને તમને ભોજન આપવા આવી છું.'

એના ગયા પછી મેં એનો આણેલો થાળ જોયો તો મને ખુબ નવાઈ લાગી. બાઈએ અમારે માટે ગરમ પુરી, શાક ને જલેબી આણી હતી. જલેબી જોઈ માતાજીને પણ આનંદ થયો. પ્રભુની કૃપા-તેની લીલા વગર આમાં બીજું શું હોઈ શકે એમ માનીને અમે સમાધાન કર્યું.

આખો દિવસે એ બાઈની રાહ જોઈ પણ થાળી લેવા એ આવી જ નહિ. મેનેજરને જઈને પુછ્યું તો તેમણે કહ્યું : 'તમે કયી બાઈની વાત કરો છો ? ધર્મશાળા તો અઠવાડિયાથી ખાલી છે. કોઈ બાઈ કે ભાઈ અહીં આવ્યું જ નથી.'

હવે મને ખાતરી થઈ કે પરમકૃપાળુ પરમાત્માએ જ અમારી ભાવના પુરી કરવા, એ બાઈનું સ્વરૂપ ધારણ કર્યું હતું. હૃદય ગદગદ્ બની ગયું. છેવટે એ થાળી અમે ધર્મશાળા છોડી ત્યારે મેનેજરને સોંપી.

ઈશ્વરની કૃપાના પ્રસંગો સાધકોના જીવનમાં એ રીતે વધારે કે ઓછા પ્રમાણમાં બન્યા જ કરે છે.

એક ભક્ત પુરષની વાત છે. તે ખુબ મુંઝાતા. આજીવિકાનું કોઈ સાધન તેમની પાસે નહોતું. તેમના પુત્રની પાસે ધન ઘણું હતું, પરંતુ તે તેમની સાથે બોલતો પણ નહિ. મને મળતા ત્યારે તે પોતાની મુંઝવણ રજુ કરતા. હું કહેતો : 'ભગવાનનું નામ લો. ભગવાનને પ્રેમથી યાદ કરો ને પ્રાર્થો. પોતાના સાચા કે ખોટા ભક્તની રક્ષા કરવાની પ્રતિજ્ઞા તે જરૂર પાળશે.'

છેવટે તે ભક્તની ઈચ્છા પુરી થઈ. તેમની ઈચ્છા પ્રમાણે બાજુના જ ગામમાં તેમને કોઈ મંદિરની પૂજાનું કામ મળ્યું. ગામના લોકો સત્સંગી હતા. તે તેમની પાસે બેસવા માંડ્યા, ને તેમની કથાનો આનંદ લેવા લાગ્યા. અન્ન, વસ્ત્ર ને ધન કશાની કમી ન રહી.

તમે તમારું કામ કરો, પ્રભુસ્મરણ કરો. આગળનું કામ પ્રભુ પોતે સંભાળી લેશે. તે તમને બધી રીતે મદદ કરશે.

*     *     *     *     *

## ૬. ભક્તોની જવાબદારી

પોતાના ભક્તોની જવાબદારી ભગવાન કેવી રીતે ઉપાડી લે છે - જુદેજુદે વખતે જુદીજુદી લીલા કરે છે, ને પોતાના ભક્તોની સંભાળ રાખે છે. મદદ માટે તે સદા તૈયાર રહે છે.

સ્વામી વિવેકાનંદના જીવનનો એક પ્રસંગ છે. પરદેશ જતાં પહેલાં તેમણે ભારતનો પ્રવાસ કર્યો હતો. એક વાર તે મધ્ય ભારતના કોઈ પ્રદેશમાં ફરી રહ્યા હતા. રેલમાં મુસાફરી કરીને છેવટે તે કોઈ સ્ટેશનને ઊતર્યા. છેલ્લા ત્રણ દિવસથી ખાવાનું મળેલું નહીં, તેથી તેમનું શરીર અશક્ત થઈ ગયું હતું. બપોરનો વખત હતો. તાપ સખત હતો, એટલે સ્ટેશનની બહાર જઈ કોઈ ઝાડની છાંયામાં કપડું પાથરી તે સુઈ ગયા. ભુખ અને થાકને લીધે તેમને થોડીવારમાં જ ઘસઘસાટ ઉંઘ આવી ગઈ. જીવનનાં પાછલાં વરસોમાં વેદાંતકેસરી બનીને પરદેશમાં જેણે પુષ્કળ પ્રસિદ્ધિ મેળવી તે મહાન પુરૂષની દશા તો જુઓ. કષ્ટને લીધે તે ઉંઘી રહ્યા છે !

થોડો વખત વીતી ગયો ત્યાં તો કોઈ માણસ સ્ટેશન પાસે આવી બધે જોવા માંડ્યો. તેના હાથમાં મોટા થાળ હતો. તેના પર કપડું ઢાંકેલું હતું. બધે જોઈને છેવટે તે સ્વામીજી પાસે આવી પહોંચ્યો ને તેમને જગાડવા માંડ્યો. સ્વામીજી જાગી ઉઠ્યા. આ અજાણ્યા પુરૂષને જોઈ એમને અચંબો થયો. તે પુરૂષને પોતાની પાસે બેસાડીને બધી વાત પુછી. પેલા પુરુષે પોતાનો થાળ સ્વામીજી આગળ ધર્યો ને તેમને ભોજન લેવા કહ્યું.

સ્વામીજીએ કહ્યું : ‘ભાઈ, તમે ભુલ્યા લાગો છો. હું તો તમને ઓળખતો પણ નથી. કોઈ બીજાને બદલે આ ભોજન તમે મને આપવા આવ્યા હો એમ લાગે છે.’

પેલા પુરુષે કહ્યું : ‘ના, હું ભુલ્યો નથી. આ ભોજન તમારે માટે જ છે, માટે તમે તેને આનંદથી આરોગો.’

છતાં સ્વામીજીની મુંઝવણ ટળી નહીં, એટલે પેલા પુરુષે પોતાની કહાણી શરૂ કરતાં કહેવા માંડ્યું : ‘જુઓ, આજે બપોરે ભોજન કરીને, મારી મીઠાઈની દુકાનમાં હું સુતો હતો. થોડીવારમાં મને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ઊંઘમાં એક મહાપુરુષે મને દર્શન આપ્યું, ને આજ્ઞા કરી કે મારો ભક્ત ત્રણ દિવસથી ભુખ્યો છે. તે સ્ટેશન પાસે એક ઝાડની છાયામાં સુઈ રહ્યો છે. તેને માટે તું થોડી મીઠાઈ તથા તાજી પુરી બનાવીને લઈ જા.’ સ્વપ્ન પુરૂં થયું ને ઊંઘ ઉડી ગઈ, પણ સ્વપ્નના પ્રસંગમાં મને વિશ્વાસ આવ્યો નહીં. ઊંઘ કાચી હતી એટલે હું ફરી ઊંઘી ગયો. પણ ઊંઘમાં પાછો એનો એ પ્રસંગ ઉભો થયો ને તે મહાપુરુષે મને ભોજન તૈયાર કરીને અહીં લાવવાની સુચના કરી.

ત્રીજીવાર પણ એ જ પ્રસંગ બન્યો. છેવટે સ્વપ્નની વાતને સાચી માની મેં ગરમ પુરી-શાક બનાવ્યા ને મીઠાઈનો થાળ તૈયાર કર્યો. સ્ટેશને આવી મેં આજુબાજુ બધે જોયું. પરંતુ તમારા વગર ઝાડ નીચે સુતેલા કોઈ મહાત્મા દેખાયા નહીં. તેથી સ્વપ્નમાં જેમના વિષે કહેવામાં આવ્યું છે, તે પુરૂષ તમે જ છો એમ માનીને હું તમારી પાસે આવ્યો છું. વખત ઘણો થઈ ગયો છે, ને તમે ભુખ્યા છો માટે આ ભોજન જમી લો.

વિવેકાનંદની આંખ ભીની થઈ ગઈ. ઈશ્વરની મહાન કરૂણા ને પોતાના ગુરૂની કૃપાનો તેમને ખ્યાલ આવ્યો. તેમણે લાગણીવશ સ્વરે કહ્યું : ‘તે મહાપુરૂષ કેવા હતા તે જરા કહી બતાવશો ?’

મીઠાઈવાળાએ સ્વપ્નમાં જોયેલા મહાપુરૂષનું વર્ણન કરી બતાવ્યું. એ સાંભળીને વિવેકાનંદે પોતાની પાસે પોતાના ગુરૂ રામકૃષ્ણ પરમહંસનો ફોટો હતો તે કાઢી બતાવ્યો. મીઠાઈવાળો એ જોઈને આનંદમાં આવી ગયો, ને કહેવા માંડ્યો : ‘આ મહાપુરૂષ હતા. આ મહાપુરુષે જ મને આજ્ઞા આપી હતી.’

લાગણીના ઉભરાને આંખ ને અંતરમાં દબાવી દઈ વિવેકાનંદજીએ તે પછી ભોજન શરૂ કર્યું. એમના આનંદનો પાર ન હતો.

આવા પ્રસંગો સાધારણ માણસના જીવનમાં પણ બને છે, ને તેથી તેના હૃદયમાં ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ને વિશ્વાસ વધે છે. પોતાનું અનન્યભાવે સ્મરણ કરનાર ભક્તોની સંભાળ રાખવા ઈશ્વર સદા તૈયાર રહે છે. પોતાના પ્રેમી ભક્તોના જીવનની જરૂરિયાતો પુરી પાડવાનું તેમનું વ્રત છે. આવા પ્રસંગો પરથી એ વાત સરસ રીતે સમજી શકાય છે. જીવનમાં જરૂરી શ્રદ્ધાભક્તિ પેદા કરીને આનો અનુભવ પણ કરી શકાય છે.

* * * * *

## ૭. બાળકના સંસ્કાર

હિમાલયમાં ઋષિકેશનું સ્થાન ઘણું સુંદર છે. હવે તો ત્યાં વસતી વધતી જાય છે, તો પણ ત્યાંની સુંદરતા એવી જ અદભુત છે. એક ધ્યાનપાત્ર વસ્તુ એ છે કે ત્યાં દાતણ વેચાતાં મળતાં નથી. લોકો એક યા બીજી રીતે દાતણનો પ્રશ્ન પતાવી દે છે. અમે કેટલીક વાર હરદ્વારથી દાતણ મંગાવતા, તો કેટલીક વાર ઋષિકેશમાં ચંદ્રભાગાના તટ પર ઉગેલી પરાંસીયોને દાતણ તરીકે વાપરતા. અમે ઋષિકેશના ભરત મંદિરની ધર્મશાળામાં રહેતા. અમારા મકાનની લગભગ સામે જ બાવળનું ઝાડ હતું. કોઈ વાર વિદ્યાર્થીઓ તેના પર ચડતા ને દાતણ કાપતા. કોઈ જાણીતા ને સારા વિદ્યાર્થી હોય તો અમને ચાર-પાંચ દાતણ આપતા; નહિ તો દાતણ કાપનાર દાતણ કાપીને ચાલ્યા જાય પછી માતાજી ઝાડ નીચે જઈ કોઈ દાતણ પડી રહ્યું હોય તો લઈ આવતાં.

એક સાંજે એક નાનો વિદ્યાર્થી બાવળ પર ચઢ્યો. માતાજી બહાર ગંગા તરફ જવા તૈયાર થયેલાં. તેમણે એ વિદ્યાર્થીને જોયો. વિદ્યાર્થી ઝાડ પર ખુબ ઉંચે ચઢ્યો હતો. દાતણની ડાળી કાપીને એ ધરતી પર નાખતો'તો. એક બીજો વિદ્યાર્થી પણ ઝાડ નીચે ઉભો હતો. માતાજીએ પેલા ઝાડ પરના વિદ્યાર્થીને પુછ્યું : ‘ત્રણ-ચાર દાતણ લઉં ?’ વિદ્યાર્થીએ કહ્યું : ‘જરૂર લો.’

માતાજીએ થોડાં દાતણ લીધાં. પેલો વિદ્યાર્થી તો ડાળી તોડીતોડીને જમીન પર નાખ્યે જ જતો હતો. માતાજી થોડાં દાતણ લઈને ઉભાં રહ્યાં એટલે એણે પાછું કહ્યું : ‘કેમ, લઈ લીધાં ? જેટલા જોઈએ એટલાં દાતણ લઈ લો.’

માતાજીએ કહ્યું : ‘પછી તારા માટે શું રહેશે ? તું તો મહેનત કરે છે !’

નાના બાળકે એક મોટા ને ડાહ્યા માણસને છાજે તેવી રીતે જવાબ આપ્યો : ‘મારે દાતણની ચિંતા જ નથી. હું તો ઝાડ પર ચઢ્યો છું એટલે જરૂર જેટલાં દાતણ કાપી લઈશ, માટે તમે તમારે જોઈએ એટલા દાતણ લો.’

તે પછી માતાજીએ થોડાંક વધારે દાતણ લીધાં. દાતણ લાવીને તેમણે મને આ વિદ્યાર્થીની વાત કહી, ત્યારે મને ઘણો આનંદ થયો. વિદ્યાર્થી ઘણો નાનો હતો, પણ તેના શબ્દો ને ભાવો મોટા માણસમાં પણ ભાગ્યે જ મળે તેવા હતા. તે બાળકમાં જો આવા ભાવો જાગ્યા ને પોષાયા કરશે તો તે ભવિષ્યમાં કેટલો મહાન ને પવિત્ર બનશે, એ વિચારો મારા મનમાં આવવા માંડ્યા.

વાત ઘણી નાની હોવા છતાં મોટી હતી. નાની વાતોમાંથી જ મોટી વાતો, ને નાના બાળકોમાંથી જ મોટા માણસો સરજાય છે એ ક્યાં સાચું નથી ? નાના બાળકમાં કેટલી ઉદારતા દેખાય છે ? સ્વાર્થ ને પરમાર્થનું પિષ્ટપેષણ કરવાનું તેને કામ નથી. સ્વાર્થ ને પરમાર્થની ફિલસુફીની પણ તેને સમજ નથી. તેની ચર્ચામાં તેને રસ નથી. તે ચર્ચા ભલે પંડિતો કે વિદ્વાનો કર્યા કરે, પણ સેવાભાવ ને પરમાર્થની વૃત્તિ તેને માટે સહજ બની છે.

માતાજી દાતણ લઈ ગયા તે પછી, એ ઝાડ નીચે ઉભેલો બીજો વિદ્યાર્થી પણ દાતણ લઈ ગયો. થોડીવારમાં સાંજ પડી એટલે એ બાળક નીચે ઉતર્યો, ને જમીન પર પડેલાં દાતણ એકઠાં કરી શાંતિપુર્વક

ચાલતો થયો. તે બાળકને જોઈ મને ખુબ આનંદ થયો. ભાગવતમાં દત્તાત્રેયના ચોવીસ ગુરૂની વાત આવે છે તે શું બતાવે છે ? એ જ કે સંસારમાં અખુટ શિક્ષા ભરેલી છે. સંસાર એક મહાન પાઠશાળા છે. આ બાળકના પ્રસંગ પરથી ઘણુંઘણું શીખવાનું છે. તેનો મુખ્ય સુર એ છે કે માણસે કેવળ સ્વાર્થી ના થવું. પરમાર્થી બનવું જોઈએ. બીજાને મદદરૂપ થવાનો પ્રસંગ ભલે ગમે તેટલો સાધારણ હોય તો પણ, તેણે તેને છોડવો ન જોઈએ. પોતાની વિદ્યા, લક્ષ્મી, શક્તિ કે સંપત્તિનો ઉપયોગ બીજાના હિત માટે કરવા તેણે સદાય તૈયાર રહેવું જોઈએ. આ બાળકના પ્રસંગમાંથી આટલો મંત્ર ગ્રહણ કરવામાં આવે તો પણ તે ગુરૂમંત્ર બની આપણા ને બીજાના જીવનને ઉજાળી શકે છે. આ મંત્રને સમજીને સિદ્ધ કરવાથી, માનવજાતિનું જ નહિ, જીવમાત્રનું મુખ ઉજ્જવળ બની, સંસાર સ્વર્ગમય થઈ શકે.

* * * * *

## ૮. પ્રભુ ધારે તે કરે

મથુરબાબુને શ્રી રામકૃષ્ણ પરમહંસ પર અનન્ય પ્રીતિ હતી. એમની સેવા કરવા એ ખડે પગે તૈયાર રહેતા. એમના પર એમને વિશ્વાસ પણ ઘણો હતો. દક્ષિણેશ્વરમાં જ્યારે જ્યારે આવતા ત્યારે ત્યારે રામકૃષ્ણદેવની સાથે એ ધર્મ તથા ઈશ્વર વિશેની ચર્ચા કરતા, અને શાંતિ મેળવતા. રામકૃષ્ણદેવને એ ગુરૂભાવથી જોતા.

એક દિવસ એ રામકૃષ્ણદેવની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે રામકૃષ્ણદેવે કહ્યું :

'ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકે છે. એને માટે અશક્ય કે મુશ્કેલ જેવું કાંઈ જ નથી. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરવાનું એના હાથમાં છે.'

એ સાંભળીને મથુરબાબુ બોલ્યા :

'હું નથી ધારતો કે ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકતા હોય. ઈશ્વરની શક્તિ પણ મર્યાદિત છે. દાખલા તરીકે આ સામેના બગીચામાં જે છોડ છે, તેના પર લાલ રંગના ફુલ છે. ત્યાં શું ઈશ્વર ધારે તો પણ સફેદ રંગના ફુલ કરી શકે ? કદાપિ નહિ. એ એના હાથની બહારની વાત છે.'

રામકૃષ્ણદેવે શાંતિથી કહ્યું :

'તમે એ વાતને ઈશ્વરના હાથની બહારની વાત ભલે માનતા હો; પરંતુ ખરેખર તેવું નથી. ઈશ્વર સર્વસમર્થ છે, ને તેને સર્વસમર્થ એટલા માટે જ કહેવામાં આવે છે, કે તે જે ધારે તે બધું જ કરી શકે છે. જ્યાં લાલ રંગનાં ફુલ થતાં હોય ત્યાં ધોળા રંગના ફુલ કરવાનું એને માટે અસંભવિત નથી.'

પરંતુ મથુરબાબુને ગળે એ વાત ન ઉતરી. એમણે ચર્ચા કરવાની ચાલુ જ રાખી.

બીજે દિવસે મથુરબાબુ દક્ષિણેશ્વરના ધામમાં આવ્યા, ત્યારે રામકૃષ્ણદેવે તેમને હસતાં હસતાં કહ્યું : 'તમે કહેતા'તા ને કે લાલ ફુલના છોડ પર ઈશ્વર ધોળું ફુલ ના ઉગાડી શકે ? પણ જુઓ, આ સામને ડાળી પર લાલ ફુલની સાથે ધોળું ફુલ પણ ખીલેલું છે !'

'એ બની શકે જ નહીં.' મથુરબાબુ બોલી ઉઠ્યા.

'પણ જુઓ તો ખરા.'

મથુરબાબુએ છોડની પાસે જઈને જોયું તો એમને ખરેખર આશ્ચર્ય થયું. છોડ પર લાલ ફુલ તો હતા જ, પણ એમની વચ્ચે એક ધોળું ફુલ પણ ઉગેલું. એ તો દિગ્મુઢ બની ગયા. એમની બુદ્ધિ કાંઈ કામ ન કરી શકી.

રામકૃષ્ણદેવે પુછ્યું : 'કેમ ? ઈશ્વર જે ધારે તે કરી શકે ને ?'

મથુરબાબુ શું બોલે ? બોલવા જેવું હતું જ શું ? એ રામકૃષ્ણદેવને પગે પડી ગયા.

* * * * *

## ૯. મહર્ષિની જાગૃતિ

રમણ મહર્ષિ એકવાર બધા સાથે જમવા બેઠેલા. ભાતની અંદર બધાંને એકેક ચમચી ઘી આપનારી પીરસનાર બાઈએ મહર્ષિને બે ચમચી ઘી આપી દીધું. મહર્ષિ તરત જ બોલી ઉઠ્યા :

'મને વધારે ઘી કેમ આપ્યું ? હું પણ આશ્રમનો એક સભ્ય જ છું. મારો આશ્રમ પર કોઈ વિશેષ અધિકાર નથી કે મને વધારે ઘી આપવું પડે. હવેથી આવી ભુલ ના કરશો. આ પતરાવળું લઈ જાવ, ને ભાતનું બીજું પતરાવળું લાવીને તેમાં એક ચમચી ઘી આપો, એટલે હું જમું.'

જમવા બેઠેલાં બધાં સ્તબ્ધ થઈ ગયાં.

'કેટલી બધી જાગૃતિ ને કેટલું ઊંડુ આત્મનિરીક્ષણ ?'

*   *   *   *   *

## ૧૦. ગતિ અને ઉન્નતિ

એક ગામને પાદરે એક માણસ ઉભો હતો. તેની પાસે તેનો મિત્ર પણ હતો. તે બેઠોબેઠો કોઈ કામ કરતો હતો. ત્યાંથી એક વટેમાર્ગુ પસાર થયો.

વટેમાર્ગુએ ચાલતાં ચાલતાં જ પુછ્યું કે 'આગળના ગામે કેટલાક વખતમાં પહોંચી શકાશે ?'

ઉભેલા માણસે ઉત્તર આપ્યો કે, એકાદ કલાકમાં પહોંચી શકાશે.

થોડીવાર પછી એક બીજો પ્રવાસી પસાર થયો, ને તેણે પર તે જ પ્રશ્ન કર્યો.

ઉભેલા માણસે તેને ઉત્તર આપ્યો કે, આગળનું ગામ બહુ દુર નથી. આ રહ્યું : તમે અડધા કલાકમાં જ પહોંચી જશો.

બંને માણસોએ એક જ ગામ વિશે પુછ્યું હતું. તેમને ઉત્તર આપનાર માણસ પણ એક જ હતો. છતાં તે બંને ઉત્તર જુદા જુદા હતા, તેમાં ભારોભાર તફાવત હતો. તેના તફાવતનું કારણ શું ? પાસે બેસીને કામ કરનારા - બધી વાત સાંભળનારા મિત્રે, પોતાના ઉભેલા મિત્રને તેનું કારણ પુછ્યું.

મિત્રે જવાબમાં સ્મિત કરતાં કહ્યું : 'ભાઈ, આટલી સાધારણ વાતનું કારણ પણ તારા સમજવામાં ન આવ્યું ? તેનું કારણ તો ઘણું સહેલું છે. બંને માણસો એક જ ગામે પહોંચવાનો સમય પુછતા હતા, પરંતુ પહેલો માણસ બહુ જ ધીમી ગતિએ ચાલતો હતો. તેથી તેને મેં તેની ચાલ પ્રમાણે અનુમાન કરીને એક કલાક કહ્યો. જ્યારે બીજા માણસની ગતિ ઝડપી હતી. પહેલા માણસ કરતાં તે બમણા વેગે ચાલતો હતો. તેથી તેના પ્રશ્નના ઉત્તરમાં મેં અડધો કલાક બતાવ્યો. મારા બંને ઉત્તરો ગણતરીપૂર્વકના, ચોક્કસ ને સાચા હતા. આટલા ખુલાસા પરથી તને ખાત્રી થશે.'

વાત સાચી છે. આત્મિક ઉન્નતિના માર્ગને પણ આ જ નિયમ લાગુ પડે છે, અને એ બાબત પણ એવો જ ખાતરીપુર્વકનો ખુલાસો આપી શકાય છે. કેટલા વખતમાં કોણ યોગી થઈ શકશે, અથવા તો કેટલા વખતમાં કોને ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકશે, તે ચોક્કસ કહી શકાય તેમ નથી. ઈશ્વરનું દર્શન એક જ જન્મમાં પણ થઈ શકે છે, એક જન્મમાં તમે પુર્ણ યોગી બની શકો છો, ને પરમાત્માનો સાક્ષાત્કાર પણ કરી શકો છો, અને તે માટે તમને કેટલાય જન્મો લાગી જાય એમ પણ બની શકે છે. તમારી લાયકાત ને ચાલ પર તેનો આધાર રહે છે. જો તમે લાયકાતની દ્રષ્ટિએ નબળા હશો, ને કીડી કરતાં ધીમે ચાલતા હશો, તો કેટલાય જન્મે પરમાત્માની પાસે પહોંચી શકશો. પરંતુ લાયકાતને વધારી ઈશ્વરના દર્શનને માટે ઝડપથી પ્રયાસ કરશો, તથા જંગલમાં ઝરણાં ને ચંચળ હરણ જેમ વેગમાં દોડે છે, તેમ જો સાધનાના માર્ગે વેગથી આગળ ને આગળ વધ્યે જશો, તો ઈશ્વરનું દર્શન જલદી ને એક જ જન્મમાં કરી શકશો. આકાશમાં ઉડનારાં પંખી કેવાં સડસડાટ ઉડ્યે જાય છે ? પંખા જેવી પાંખથી એકધારા ઉડનારાં પંખી પણ આ જ વાત કહી રહ્યાં છે. તમારી જાતની ઉન્નતિના આકાશમાં પણ એ જ રીતે ઉડો તો કામ સહેલું થઇ જશે. બાકી પ્રમાદ કરશો, નાહિંમત ને નિરાશ બનશો, અને આડે માર્ગે અટવાઈ જશો, તો ન જાણે કેટલા જન્મે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનને શાંતિમય, મુક્તિમય, સફળ ને ધન્ય બનાવી શકશો. ગતિ પર ઉન્નતિનો આધાર રહે છે એ સાચું જ છે.

## ૧૧. ગુરૂભક્તિ

વિદ્યાભ્યાસ પુરો કરીને દયાનંદ સરસ્વતીએ ગુરૂને દક્ષિણામાં લવીંગ આપ્યા ત્યારે પ્રજ્ઞાચક્ષુ ગુરૂ વિરાજાનંદે કહ્યું :

‘બેટા ! દેશમાં ઘણું અજ્ઞાન છે. લોકો સાચા ધર્મને ભુલી ગયા છે. તું તેમને પ્રકાશ પહોંચાડજે ને તારું જીવન એમના હિત માટે વાપરજે.’

વિદાય સમયે દયાનંદ અને ગુરૂ બંનેને આંસુ આવ્યા.

વરસો પછી દયાનંદને ગુરૂના મૃત્યુના સમાચાર મળ્યા, ત્યારે તે ગળગળા થઈ ગયા ને સભાજનોને પોતાના હાથ પર પડેલો લાકડીનો સોળ બતાવીને કહેવા લાગ્યા :

‘આ મારા ગુરૂની પ્રસાદી છે. એમના સ્નેહનું જ સંભારણું છે. ક્રોધમાં આવી કોઈવાર એ મને લાકડીથી મારી બેસતા. એમનો મારે માટેનો પ્રેમ એવો ભારે હતો. એ પ્રેમ વિના હું દયાનંદ ન થઈ શક્યો હોત. એ મહાન ગુરૂદેવનો હું ઋણી છું.’

* * * * *

## ૧૨. મહાપુરુષોની ઓળખ

રામકૃષ્ણ પરમહંસદેવની પાસે એક પંડિતજી આવ્યા. તેમણે પરમહંસદેવ સાથે એક જ આસન પર બેસી કહેવા માંડ્યું : 'શું તમે પરમહંસ છો ? વાહ, ખરા પરમહંસ ! લોકો તમને પરમહંસ કહે છે પણ તેઓ શું જાણે ? તેમને કોઈએ ભરમાવ્યા લાગે છે. ઠીક પરમહંસ, જરા હુક્કો તો પીવડાવો.'

પરમહંસદેવે તેમને હુક્કો આપ્યો. પંડિત હુક્કો ગગડાવવા માંડ્યા.

એટલામાં તેમની નજર દીવાલ પર ટીંગાડેલા પરમહંસદેવના સુંદર કોટ પર પડી. એ જોઈ તે બોલી ઉઠ્યા : 'શું તમે કોટ પણ રાખો છો ?'

પરમહંસદેવ પણ ક્યાં ગાંજ્યા જાય તેવા હતા ? તેમણે પંડિતજીનું ધ્યાન ઓરડાના ખુણા તરફ દોર્યું. ત્યાં નવા સુંદર બુટ પડ્યા હતા. તે જોઈને તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. તેમને નક્કી થયું કે પરમહંસદેવ ઢોંગી છે, ને તેમની જાળમાં લોકો ફોગટ ફસાયાં છે. નમસ્કાર કર્યા વગર જ પંડિત ત્યાંથી ઉઠીને ચાલ્યા ગયા.

સાંજનો સમય થયો હોવાથી ગંગાકિનારે જઈ તે સંધ્યા કરવા બેઠા.

થોડા વખત પછી તેમને એમ લાગ્યું - કોઈ તેમનું આકર્ષણ કરી રહ્યું છે. સંધ્યા પુરી કરી તે જલદી પરમહંસદેવના ઓરડામાં આવ્યા તો ત્યાં શું જોયું ? પોતાના રોજના નિયમ પ્રમાણે પરમહંસદેવ આસન પર બેસી ધ્યાનમાં મગ્ન હતા. તેમના નેત્રમાંથી આંસુ વહી રહ્યાં હતાં. મુખ પર જે ભાવો હતા એ જોઈને પંડિતજીનું હૃદય પલટાઈ ગયું. પરમહંસદેવ પાસે બેસતાં તેમને અજબ શાંતિ લાગવા માંડી. પરમહંસદેવ સાચા મહાપુરૂષ છે એવી તેમને ખાતરી થઈ. તેમને સમજવામાં પોતે ભુલ કરી છે તેનો પસ્તાવો પણ થયો.

એટલામાં એ મહાપુરૂષનું ધ્યાન પુરું થયું. એમણે નેત્ર ઉઘાડ્યાં, એટલે પંડિતજી તેમના ચરણમાં પડ્યા. તેમની આંખમાંથી પશ્ચાતાપનાં અશ્રુ વહેવા માંડ્યા. પોતે કરેલી ભુલ માટે તેમણે પરમહંસદેવની માફી માગી.

પરમહંસદેવે કહ્યું : 'મહાત્માઓની કસોટી બહારના દેખાવ પરથી કરવી નહીં. બની શકે તો તેમના હૃદયમાં ડુબકી મારવા. તેમના હૃદયને ઓળખવાનો પ્રયાસ કરવો ને તે પરથી તેમના વિશે નિર્ણય કરવો. નહિ તો તેમને નમસ્કાર કરીને રસ્તે પડવું. બાકી પુરતી તપાસ વિના બે-ત્રણ બાહ્ય વસ્તુઓની મદદથી તેમને વિશે મત બાંધવો તે અપરાધ છે.'

પરમહંસદેવનાં આ વચનો સૌએ યાદ રાખવાં જેવાં છે. એનો અર્થ એમ નથી કે માણસે મહાત્માઓના બાહ્ય સ્વરૂપને જોવાં જ નહીં, અથવા તેથી એમ પણ નથી સમજવાનું કે મહાત્માઓએ પોતાના બાહ્ય જીવનધોરણ કે સ્વરૂપ પ્રત્યે દુર્લક્ષ રાખવું. સાર એટલો છે, કે બહારની રીતે વિચિત્ર લાગતા જીવન ને સાધનવાળા માણસો પણ અંદરખાનેથી કેટલીકવાર મહાપુરૂષ ને ગાંઠે બાંધેલા રતન હોય છે. મુળ વાત તો એ છે, આ સંસારમાં મહાપુરુષોનું મિલન થવું દુર્લભ છે. ગીતાએ જેમને સ્થિતપ્રજ્ઞ કહ્યા છે તેવા પુરુષો કરોડોમાં કોઈક જ મળે છે. ને પુર્વજન્મનાં સત્કર્મોનાં ફળરૂપે તેમનું મિલન થઈ જાય તો પણ, તેમને ઓળખવાનું કામ કઠિન છે. તે પોતે જ જ્યાં સુધી કૃપા કરીને પોતાનું રહસ્ય ન ખોલે, ને પોતે કોણ ને કેવા

છે તેની સમજ ન આપે, ત્યાં સુધી તેમને ઓળખવાનું કામ કપરું છે. આ સંબંધમાં જે વાત ઈશ્વર વિશે કહેવામાં આવી છે તે સંતોને પણ લાગુ પડે છે.

જેમ ઈશ્વર અગમ્ય છે, તેમ સંતો પણ અગમ્ય છે. ઈશ્વરને કોણ ઓળખી શકે ? જેના પર તે કૃપા કરે ને કૃપા કરી અર્જુનની જેમ અજ્ઞાનનું આવરણ હઠાવી દઈ જેને તે દિવ્ય દૃષ્ટિ આપે તે. પણ ઈશ્વર કાંઈ દયાળુ નથી એવું થોડું જ છે. તેની કૃપા માટે માણસે તૈયાર થવું- આતુર બનવું જોઈએ. તેવી રીતે ઈશ્વરની કૃપા મેળવી ચુકેલા સંતોને મળવાની જેને લગની લાગે ને જેનું દિલ તેવા મહાપુરુષોને મળવા તલપાપડ બની જાય, તેને મહાપુરુષોનું દર્શન જરૂર થાય. મહાપુરુષોની કૃપાથી તે તેમને ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી પણ શકે - તેમને સેવીને લાભ પણ ઉઠાવી શકે.

* * * * *

## ૧૩. દેવપ્રયાગના સાધુ

થોડા વખત પહેલાં દેવપ્રયાગ નામે હિમાલયના સ્થાનમાં મારી પાસે એક સારા સાધુ આવ્યા. તે દેવપ્રયાગ ગામમાં રઘુનાથજીના મંદિર પાછળની નાનકડી ગુફામાં રહેતા અને અવારનવાર મને મળવા આવતા. એટલે અમારી વચ્ચે પ્રેમસબંધ થયો હતો.

તે આવ્યા એટલે અમે કેટલીક સાધના સંબંધી વાતો કરી. તેમનો વિચાર પ્રયાગરાજના તેમના આશ્રમમાં પાછા જવાનો હતો.

દેવપ્રયાગમાં છ મહિના જેટલો વખત તેમણે એકાંતવાસ અને અનુષ્ઠાનમાં પસાર કર્યો, પછી તેમના મનની મુંઝવણ દુર થઈ, ચિત્તની ચંચળતા ટળી ગઈ, તથા તેમને ઉંડી શાંતિ મળી, એટલે એમની ઈચ્છા દેવપ્રયાગ છોડીને ફરીવાર પ્રયાગરાજ જવાની થઈ. પ્રયાગરાજના આશ્રમમાં એમને કોઈ પ્રકારની તકલીફ ન હતી. બધી રીતે આરામ હતો. છતાં પણ હિમાલયના પુણ્ય પ્રદેશના આકર્ષણથી ખેંચાઈને એ દેવપ્રયાગ આવ્યા હતા. દેવપ્રયાગનો પ્રદેશ એકદમ પર્વતીય છે. ગામ આખુંયે જાણે પર્વતની કેડે કોઈ બાળક બેઠું હોય એવું લાગે છે. રસ્તો પણ સાંકડો ને પર્વતમાં જ કોરી કાઢેલો છે. ભુલેચુકે નીચે પડી જઈએ તો સીધા બીજે ક્યાંય નહિ, પણ ગંગાના શરણમાં જ પહોંચી જઈએ. અને ગંગા પણ કેવી ? ઉછળતા, દોડતા, ગર્જના કરતા ધોધ જેવી, ઘડીના છઠ્ઠા ભાગમાં તો ક્યાંયની ક્યાંય લઈ જાય. જે પડે એનો પત્તો જ ન લાગે. સ્નાન કરવું હોય તો પણ ઘાટનાં પગથીયાં પર બેસીને કે સાંકળ પકડીને કરો ત્યારે. અને ગંગા પણ એક નહિ, પણ બે. એક બદરીનાથથી આવતી અલકનંદા, અને બીજી ગંગોત્રી તરફથી આવતી ભાગીરથી. બંનેનો ત્યાં સંગમ થાય. એ દ્રશ્ય એટલો બધો આનંદ આપે કે વાત નહી. કેટલાય પ્રવાસીઓ પેઠે સાધુ મહારાજ પણ એ દ્રશ્ય દેખીને મુગ્ધ થઈ ગયા, ને પુરા છ મહિના એ પુણ્યપ્રદેશમાં રહીને શાંતિ મેળવી, હવે પ્રયાગરાજ જવા માગતા હતા.

પણ પૈસા વિના કેવી રીતે જવું ? તેમની પાસે નાણાં બીલકુલ ન હતાં. ગામમાં તેમણે કેટલાક માણસો પાસે માગણી કરી જોઈ, પણ કોઈએ મદદ ન કરી. એમની ઈચ્છા એવી હતી કે હું એમને કાંઈક મદદ કરું.

મારી પાસે પચીસેક રૂપિયા હતા. હું તેમને જરૂર મદદ કરી શકું તેમ હતો. તેમને પંદરેક રૂપિયાની જરૂર હતી, પરંતુ મારો પોતાનો વિચાર થોડાક દિવસોમાં દેવપ્રયાગ છોડવાનો હતો. તે માટે મારેય પૈસાની જરૂર હતી. સાધુ સારા હતા, છતાં આવી મુસીબત હતી એટલે શું થાય ?

આખરે મેં તે સાધુને ઋષિકેશમાં રહેતા એક વેપારીનું નામઠામ આપીને કહ્યું : ‘ત્યાં જશો તો તે જરૂર મદદ કરશે.’ પણ તેમનું મન માન્યું નહિ. તેમના મુખ પરના ભાવથી એ જણાઈ આવ્યું. છેવટે થોડીવાર બેસી નમસ્કાર કરી તે ચાલવા માંડ્યા.

પણ મારા દિલને તેમના ચહેરા ઉપર છવાયેલી નિરાશાથી ઘણું લાગી આવ્યું. મારી બાજુમાં તે વખતે દેવપ્રયાગથી બે માઈલ પર આવેલા 'કોટી' ગામમાં રહેતા એક ભાઈ બેઠા હતા. તેમને કહી તે સાધુપુરૂષને મેં પાછા બોલાવડાવ્યા.

તે આવીને બેઠા એટલે મેં પુછ્યું, 'કેટલા પૈસા ચાલશે ?'

તેમણે કહ્યું : 'પંદરેક રૂપિયા.'

ને મેં તેમને પંદર રૂપિયા આપી દીધા. તેમને અજબ લાગણી થઈ આવી. તેમણે જરા આનાકાની કરી, પણ મેં તેમને સમજાવીને કહ્યું : 'પ્રભુ છે, મને વળી એ ગમે તે રીતે મોકલી આપશે.'

તે સાધુપુરૂષ ચાલતા થયા, ત્યારે તેમના મુખ પર સંતોષ અને આનંદના ભાવ હતા.

થોડા દિવસ બાદ મારા પર કોઈએ પચાસ રૂપિયા મોકલ્યા. તે સાધુપુરૂષને આપ્યા તેથી ત્રણ ગણાંથીયે વધારે.

મને થયું, અને આજે પણ એ વાત માનું છું, કે આપવામાં સદા સુખ તો છે. જે આપે છે તેની મુડી ઘટતી નથી, પણ વધે છે. ઈશ્વર તરફથી તેને એક કે બીજી રીતે અનેકગણું મળે છે. મારો તો એ અનુભવ છે, એટલે માણસે હૃદયને જેટલું બને તેટલું ઉદાર ને વિશાળ કરવાની જરૂર છે. સમાજમાં જેમની પાસે છે - ધન, વિદ્યા, તપ, સંપત્તિ ગમે તે, તે તેની દ્વારા - જેની પાસે કાંઈ જ નથી, અથવા તો બહુ જ થોડા પ્રમાણમાં છે - તેમને મદદરૂપ થવા લાગે, તો સૌને લાભ થાય, ને સમાજનું આખું સ્વરૂપ બદલાઈ જાય. એવા સમાજમાં ભેદભાવ, ઘર્ષણ કે શોષણ ના જાગે, અને કોઈ કારણથી જાગે તો તરત દુર થાય. આવો સમાજ સાચા અર્થમાં સુખી અને સમૃદ્ધ થાય.

* * * * *

## ૧૪. વેશ્યા અને સાધુ

એક વેશ્યાને કોઈ સંતપુરૂષના દર્શનનો લાભ મળ્યો. સંતના સમાગમની તેના પર સારી અસર થઈ. પછી તો તેને સંતના દર્શનની લગની લાગી. તેના મકાન પાસેથી સંતપુરૂષ રોજ નદીએ નહાવા જતા, મકાનની બારીમાંથી એ એમનું દર્શન કરી લેતી. તેમ કરવામાં તેને ખુબ આનંદ આવતો.

સંતપુરૂષના પવિત્ર જીવનની તેના પર અસર થવા માંડી. તેને પોતાના પાપમય જીવન પર ઘૃણા થઈ. એક દિવસ તેના દુઃખનો અને અસંતોષનો પાર ન રહ્યો. હિંમત કરી તે સંતપુરૂષ પાસે પહોંચી.

તેણે કહ્યું :‘પ્રભુ ! મારા ઘરને તમારાં પગલાંથી પાવન કરશો ?’

‘જરૂર.’ સંતે જવાબ વાળ્યો.

વેશ્યાના આનંદનો પાર ન રહ્યો. તેના ઘરમાં સંતપુરૂષની પધરામણી થઈ, તેથી તે ખુશ થઈ. સંતને સુંદર આસન પર બેસાડી તે સામે બેઠી. તેની આંખમાંથી પાણીનાં ઝરણાં ઝરવા માંડ્યા. તેને મન આજે મહાન ઉત્સવ હતો. સંતપુરૂષના સહવાસમાં શાંતિ અનુભવતાં તેણે પુછ્યું :

‘પ્રભુ ! મારા ઉદ્ધારનો કોઈ ઉપાય છે ?’

‘જરૂર છે.’ સંતે ઉત્તર આપ્યો : ‘પ્રભુનો દરબાર બધા માટે ઉઘાડો છે. જે ધારે તે તેમાં દાખલ થઇ શકે છે. પવન ને પૃથ્વી જેમ સૌને માટે છે. તેમ પ્રભુ પણ સૌના છે. જે ધારે તે તેમનું શરણ લઈ શકે છે, તેમને પ્રેમ કરી શકે છે, ને તેમની કૃપાના પવિત્ર ગંગાજળમાં નહાઈ શકે છે. તેમનું દર્શન કરવાનો પણ સહુને સરખો અધિકાર છે. જે તેમનું શરણ લે-તેમને પ્રેમ કરે, તેમના કૃપાપાત્ર થવા માટે તલસે, તે પોતાનો ઉદ્ધાર કરી શકે છે. તારે માટે પણ તે માર્ગ ઉઘાડો છે, માટે પ્રભુનું શરણું લે. મન, વાણી ને કાયાથી પ્રભુની પૂજા કર, એના દર્શન માટે આતુર બન. પ્રભુના નામમાં રસ પેદા કર.’

વેશ્યાએ એ શબ્દોને હૃદયમાં ઉતારી લીધા-દિલમાં લખી દીધા, ને સંત પાસેથી પ્રભુના નામની દીક્ષા લીધી. તેના દિલમાં પ્રકાશ થયો. તે પ્રભુની મહાન ભક્ત બની ગઈ. પાપકર્મમાંથી તેનું મન ઉઠી ગયું, એટલે કે તેણે તેનો વિચાર પણ કર્યો નહીં.

સાર એ છે કે, જે અતિ દુરાચારી છે તેણે પણ ડરવાની જરૂર નથી. પાપી હોય તેણે પણ ડરવાની જરૂર નથી. દુરાચારી ને પાપી પણ પ્રભુનું શરણ લે, ને મન લગાડીને પ્રભુને ભજવા માંડે, તો તે થોડા જ વખતમાં ધર્માત્મા થઈ જાય છે. અનુપમ શાંતિની પ્રાપ્તિ કરી લે છે. પ્રભુના નામમાં એવી શક્તિ છે, એવો પ્રભાવ છે. પ્રભુની શરણાગતિમાં એવી તાકાત છે. દુરાચારી કે પાપી માણસ પણ સાચા દિલથી પ્રભુનું નામ લે, તો તે આપોઆપ સુધરવા માંડે છે. સુરજની પાસે જવાથી જેમ અંધારૂ આપોઆપ દુર થઈ જાય છે, તેમ પ્રભુની પાસે પહોંચવાથી કે પહોંચવાનો પ્રયાસ કરવાથી, મનનો મેલ નીકળી જાય છે. કોઈ કારણથી ઈચ્છા કે અનિચ્છાથી ખરાબ કામ થયાં હોય તો તેને યાદ કરીને બેસી ન રહેવું. પાપ થઈ ગયું તો ભલે, પરંતુ ફરી પાપ કરવાની વૃત્તિ ન હોવી જોઈએ. જે પાપી માણસોએ તે માટે પશ્ચાતાપ કર્યો છે તેનો ઉદ્ધાર થયો છે.

*  *  *  *  *

## ૧૫. કબીર ને રામનામ

કબીરની એક વાત જાણીતી છે.

એકવાર તે બહાર ગયા હતા ત્યારે તેમને ત્યાં એક દુરાચારી માણસ આવ્યો. ઘરમાં સંત કબીરની સ્ત્રી હતી. તેણે તેને પુછ્યું : 'તમારે કબીરનું શું કામ છે ? મને કહેવા જેવું હોય તો કહો.'

પેલા માણસે પુછ્યું : 'હું ખુબ પાપી છું. જીંદગીમાં પાપ કરતાં પાછું વાળીને જોયું નથી. મારે માટે કોઈ તરવાનો ઉપાય છે કે કેમ, તે જાણવા હું આવ્યો છું - કારણ કબીરસાહેબ પાપીને પણ તારી દે છે, એવું મેં સાંભળ્યું છે.'

કબીરની સ્ત્રીએ કહ્યું : 'એ ઉપાય તો હું પણ બતાવી શકું તેમ છું. ત્રણ વખત રામનામ લેજો, એટલે બધાં પાપ બળી જશે.'

પેલો માણસ ખુશ થઈ ગયો. આનંદમાં આવી નાચતાં-નાચતાં તે જોરથી રામનામ બોલવા માંડ્યો. રસ્તામાં તેને કબીરજી મળ્યા. તેને નાચતો જોઈ તેમણે તેની પાસેથી બધી વાત જાણી લીધી. પણ તેથી તેમને જરા ખેદ થયો.

ઘેર આવી તેમણે પોતાની સ્ત્રીને કહ્યું : 'તને હજી રામનામના મહિમાનો સાચો ખ્યાલ નથી એમ લાગે છે. નહિ તો પેલા માણસને તું ત્રણ વાર રામનામ લેવાનું ન કહેત. પ્રેમપૂર્વક લેવાયેલું એક જ વારનું રામનામ બધાં પાપો બાળી નાખે છે ને માણસ નવો અવતાર ધરે એટલું તે બળવાન છે.'

આ વાત સાચી હોય કે ખોટી, તેનો સાર એ છે કે સુધરવાની ઈચ્છા છે તે તો એક ઘડીમાં, અરે ઘડીના છઠ્ઠા ભાગમાં સુધરી શકે છે. જેને સુધરવું જ નથી, ને ખાલી વાતો જ કરવી છે, એ તો વરસો સુધી સુધરવાનાં સ્વપ્નાં સેવ્યા કરે, તો પણ સુધરી નહિ શકે. ઉલટો વધારે બગડતો જશે. બીજી સાર વાત એ છે કે, પ્રભુના નામની શક્તિ અજબ છે. સાચા દિલથી એનો આધાર લો ને રંગપુર્વક તેનું રટણ કરવા માંડો એટલે તન ને મનના મેલ મટી જાય ને તમારો બેડો પાર થાય. ભલભલાં પાપી પણ પ્રભુના નામનો પ્રેમ કરી એના પ્રેમી થઈ ગયા છે. તેમના જીવન બીજાને માટે ધડો લેવા જેવાં છે. તેમાંથી સૌને બોધપાઠ મળી શકે તેમ છે. માટે ગમે તેવા અપરાધ કર્યા હોય, કે ગમે તેટલાં કુકર્મ કર્યા હોય, તો પણ હિંમત ન હારો, નિરાશ ના થાવ. તમારી જાતને કાયમ માટે પતિત ન સમજો. પાપને કાયમ માટે દફનાવી દેવાનો નિર્ણય કરો. કુકર્મ અને અપરાધને જીવનમાંથી ફેંકી દો. એ કામમાં પ્રભુની કૃપા માંગો. એમાં સફળ થવા માટે સાચા દિલથી એની પ્રાર્થના કરો, પોકાર કરો. પ્રભુની મહાન મદદ મેળવી તમારા કામમાં તમે જરૂર સફળ થશો.

જે પાપી, કુકર્મી કે દુરાચારી છે, તેમને માટે પણ તમારા દિલમાં સ્થાન રાખજો. ચડતી ને પડતી જીવનમાં આવ્યા જ કરે છે. પતન ને ઉત્થાન જીવનમાં ચાલ્યા જ કરે છે. જે આજે પતિત છે, તે કાલે પવિત્ર નહીં થાય તેની શી ખાત્રી ? તે કયા કારણથી પતિત થાય છે તેની કોને ખબર છે ? બહુ જ સંભવ છે, કે તેના દિલમાં સુધરવાની ઝંખના કાયમ હોય. માટે તેમને પણ તિરસ્કારવાની જરૂર નથી. તિરસ્કારવા કરતાં તેને સમજવાનો પ્રયાસ કરો, ને બની શકે તો સુધરવાનો માર્ગ આપો. એ રીતે તમે એમની ઓછીવત્તી સેવા કરી શકશો. બાકી તિરસ્કારથી તેમની કુસેવા જ કરશો, અને એકે પ્રશ્નનો ઉકેલ નહિ લાવી શકો.

## ૧૯. યાત્રા માટે મદદ

થોડાક વરસો પહેલાંની વાત છે. બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી ને જમનોત્રીની યાત્રા પુરી કરી અમે ઋષિકેશના પ્રખ્યાત ધામમાં આવી પહોંચ્યા, અને ત્યાંની સુંદર ધર્મશાળામાં રહેવા લાગ્યા. એ ધર્મશાળાનું નામ ભગવાન આશ્રમ. ઋષિકેશની કુદરતી સૌન્દર્યથી ભરેલી ભુમિમાં મન લાગી જવાથી અમે એકાદ મહિના જેટલો લાંબો વખત રહ્યા. એ સ્વર્ગીય પ્રદેશમાં રહીને અમે રોજ પ્રાર્થના ને પ્રભુસ્મરણ કરતાં તથા ગંગાસ્નાનનો લાભ લેતાં. દિવસો એક પછી એક ક્યાં અથવા કેવી રીતે પસાર થઈ જતા, તેની ખબર પણ ન પડતી.

ઋષિકેશનાં સુંદર સ્થળને જોવાનું ને એ સ્થળમાં રહેવાનું ભાગ્ય ખરેખર અનેરું છે. જેને એ સૌભાગ્ય પ્રાપ્ત થયું હશે, તે સહેલાઈથી સમજી શકશે કે એ સૌભાગ્ય કેટલું કિંમતી છે. ઊંચી-ઊંચી ને લીલીછમ પર્વતમાળાની વચ્ચે વિશાળ મેદાનમાં વસેલું ઋષિકેશ જોતાંવેંત જ હૃદયને સ્પર્શી જાય છે, ને કહો કે કાળજાને કામણ કરે છે. એ પ્રદેશના પરમાણુ એટલાં બધાં અસરકારક છે કે વાત નહીં. જે આવે એને ત્યાં રહેવાનું મન થઈ જાય કે ગમી જાય, એવી એની શોભા છે. અમે પણ ત્યાં આનંદપૂર્વક રહેવા માંડ્યા.

પરંતુ ત્યાં કાંઈ કાયમને માટે રહી શકાય છે ? જો કે રહી શકાય ખરું, પણ રહેવાના સંજોગો ન હતા. અમારો વિચાર અયોધ્યા, કાશી, મથુરા, વૃંદાવન તરફ જવાનો હતો. એ રીતે બાકીની યાત્રા કરી લેવાની ભાવના હતી.

પણ એકલી ભાવનાથી કાંઈ યાત્રા થોડી કરી શકાય છે ? એમાંયે મોટી મુશ્કેલી હતી. હિમાલયની યાત્રામાં ધાર્યા કરતાં વધારે ખર્ચ થઈ જવાથી ધનની તકલીફ હતી. ઋષિકેશમાં પણ અમે ખુબ સંભાળીને રહેતા. એવા સંજોગોમાં બીજી યાત્રા કરવા માટે ક્યાં નીકળવું ?

છતાં, મને ઈશ્વર પર અસાધારણ શ્રદ્ધા હતી. કોઈ પણ સંજોગોમાં એ ડગે તેમ ન હતી. મને થયું, મારે બીજી યાત્રા કરવી એવી ઈશ્વરની ઈચ્છા હશે તો ગમે તે રીતે એ મને મદદ કરી યાત્રાએ લઈ જશે. એ તો સમર્થ છે, એને માટે કશું મુશ્કેલ નથી. નરસી મહેતાની એણે હુંડી સ્વીકારી છે, ને બીજી રીતે ભક્તોનાં અનેક કામ કર્યાં છે. લોકોમાંના કેટલાક એ વાતોને ટાઢા પહોરના ગપ્પાં જેવી ઉપજાવી કાઢેલી માને છે; પરંતુ ખરેખર તેવું નથી. શ્રદ્ધા હોય તો આજે પણ એવા એક યા બીજી જાતની ઈશ્વરી કૃપાના અનુભવ થઈ શકે છે. મને થયું કે હું કોઈ મોટો ભક્તપુરૂષ નથી; છતાં મને ઈશ્વર પર પ્રેમ છે, વિશ્વાસ છે, ને તે ધારશે તો મને જરૂર મદદ કરશે. એવા ભાવોમાં ડુબી મેં ઈશ્વરને પ્રાર્થના કરવા માંડી.

ઋષિકેશથી યાત્રામાં નીકળવા માટે અમારે પચાસ રૂપિયાની જરૂર હતી. એ રૂપિયા કેવી રીતે મેળવવા તેનો વિચાર કરતો હું બેઠો હતો, ત્યાં તો એક પ્રસંગ બન્યો. એક દિવસ બપોરે ટપાલી મારું નામ લેતો ધર્મશાળામાં આવ્યો, ને કહેવા લાગ્યો : 'તમારું મનીઓર્ડર છે.'

મને નવાઈ લાગી. મારું મનીઓર્ડર હોય એ વાત હું ન માની શક્યો. મને રૂપિયા કોણ મોકલે ? મેં કોઈની પાસે મંગાવ્યા જ ક્યાં હતા ?

પરંતુ ટપાલીએ મનીઓર્ડર ફોર્મ મારા હાથમાં મુક્યું ત્યારે મને ખાતરી થઈ કે મારે નામે કોઈએ રૂપિયા મોકલ્યા છે. મોકલનારનું નામ અને સરનામું મેં જોયું, પણ તેને હું ઓળખતો ન હતો. તો શું આ રકમ શામળિયા શેઠે મોકલી ? મારે જરૂર હતી પચાસ રૂપિયાની, અને ઈશ્વરકૃપાથી મને એકાવન રૂપિયા મળ્યા. મારૂં હૃદય ભાવવિભોર બની ગયું. આંખ ભીની થઈ ગઈ. ધ્રુજતે હાથે મેં સહી કરી આપી, ને ટપાલી રકમ આપી ચાલતો થયો.

બીજે દિવસે અમે ઋષિકેશથી હરદ્વાર આવી અયોધ્યા તથા કાશી જવા નીકળી પડ્યા. એ રીતે બધી યાત્રા સુખરૂપ પુરી કરી. પણ મનીઓર્ડરનું રહસ્ય મારા મનમાં એવું ને એવું રહી ગયું. ઈશ્વરની દયા કે કરુણાનો વિચાર કરી મારું હૃદય વધારે કરુણ બની ગયું. મને લાગ્યું નરસી ભગતની હુંડી સ્વીકારવાની ને એવી બીજી વાતો ખોટી નથી. કોઈક વાતોમાં કોઈ અતિશયોક્તિ હશે, પરંતુ તેની પાછળ જે સાર છે તે સાચો જ છે કે ઈશ્વરનું જે શરણ લે છે તેની સંભાળ ઈશ્વર જરૂર રાખે છે. ઈશ્વર બધી રીતે તેની રક્ષા કરે છે. પરંતુ તેને માટે નરસી, મીરાં, તુલસીદાસ, સુરદાસ ને એવા બીજા ભક્તો જેવી ભક્તિ, શ્રદ્ધા, ધીરજ, પ્રીતિ ને પ્રભુપરાયણતા જોઈએ. કેવળ વાતો કરવાથી કાંઈ નથી વળતું. અનુભવની દુનિયામાં વધારે ને વધારે ઉંડા ઉતરવાથી જ કાંઈક મળી શકે છે.

* * * * *

## ૧૭. જડભરત ને શંકરાચાર્ય

જડભરત ને શંકરાચાર્યના પ્રસંગો જાણવા જેવા છે.

જંગલમાં બેઠેલા જડભરતને લુટારા પોતાના સરદાર પાસે લઈ ગયા. સરદાર પહેલવાન જેવા જડભરતને જોઈ ખુશ થઈ ગયો. પછી માતાને પ્રસન્ન કરવા તેમનું બલિદાન આપવાની આજ્ઞા કરી. માતાની પ્રતિમા સામે બેસાડી તેમનું પુજન કરવામાં આવ્યું. પછી તેમના પર તલવાર ચલાવવાની તૈયારી કરી. ધડથી મસ્તક અલગ થઈ જવાની તૈયારી હતી, એ જ વખતે મુર્તિમાંથી ભવાની માતા પ્રગટ થયાં. તેમણે લુંટારાઓનો નાશ કર્યો ને જડભરતની રક્ષા કરી.

શંકરાચાર્યની વાત જરા જુદી છે.

એકવાર કાપાલિકે આવી શંકરાચાર્યને કહ્યું : ‘હું એક યજ્ઞ કરી રહ્યો છું. તેમાં એક બત્રીસ લક્ષણવાળા મહાપુરૂષનું બલિદાન દેવાની જરૂર છે. તે વગર મારો યજ્ઞ સફળ થાય તેમ નથી. તમારા જેવા મહાપુરૂષ બીજા કોણ મળે ? માટે તમારું મસ્તક મને આપી દો તો સારું.’

શંકરાચાર્યે કહ્યું : ‘ભલે, કાલે સવારે હું ધ્યાનમાં બેસું તે વખતે મારું મસ્તક લઈ જજે.’

કાપાલિકને તો એથી ઘણો આનંદ થયો. એ તો ગમે તેમ કરી શંકરાચાર્યની હત્યા કરવા માગતો હતો. યજ્ઞની વાત કેવળ યુક્તિ હતી. યુક્તિ સફળ થઈ તેથી તેને આનંદ થયો.

બીજે દિવસે વહેલી સવારે તે શંકરાચાર્યના આશ્રમમાં આવી પહોંચ્યો. શંકરાચાર્યે તેને પોતાનું કામ એકાંતમાં કરી લેવાનું કહ્યું હતું; કેમ કે તેમના શિષ્યો જાણી જાય તો તે તેને છોડે તેમ ન હતા. શંકરાચાર્ય પાસે આવી તેણે કમરમાં છુપાવેલું ખંજર કાઢ્યું, ને પોતાનું કામ કરી લેવા તૈયાર થયો.

એ વખતે જ શંકરાચાર્યના શિષ્ય સુરેશ્વરાચાર્ય પોતાના ઈષ્ટદેવ નૃસિંહ ભગવાનનું ધ્યાન ધરી રહ્યા હતા, તેમને આ વાતની ખબર પડી એટલે તે તુરત દોડી આવ્યા, ને નૃસિંહ ભગવાનની સ્તુતિ કરવા માંડ્યા.

એ બધા સંજોગોમાં કાપાલિકનું કામ થઈ શક્યું નહિ, ને ઈશ્વરની કૃપાથી શંકરાચાર્ય જેવા સમર્થ પુરૂષનું શરીર બચી ગયું.

ભગવાન પોતાના ભક્તોની રક્ષા કરવા આ પ્રમાણે સદા તત્પર રહે છે - છતાં આપણે એમની ભક્તિ કરતા નથી, એમનું શરણ લેતા નથી એ આશ્ચર્ય છે. ભગવાનનું શરણ લેવાથી આપણે નિર્ભય બની જઈએ ને ચિંતારહિત થઈએ. લાંબે વખતે તેમનું દર્શન કરીને કૃતાર્થ પણ થઈએ. છતાં આવા સર્વપ્રકારનું કલ્યાણ કરનારા ભગવાનને ભુલી આપણે રાતદિવસ સંસારમાં ફર્યા કરીએ છીએ, ને દુઃખ-દરિદ્રતાના ભોગ બનીએ એ ખરેખર આશ્ચર્ય છે. માણસો બેડીથી બંધાયેલા છે. બેડીના બંધનમાંથી છુટવાનો ઉપાય પણ તેમને બતાવવામાં આવે છે. તે ઉપાયને અજમાવવાથી કાયમને માટે સુખી થવાય છે, છતાં તે ઉપાય કરતા નથી, અને મરણ સુધી બંધાયેલા જ રહે છે એ આશ્ચર્ય જ છે. સમજુ માણસોએ આ બંધન તોડવાનો ઉપાય અજમાવવો જોઈએ.

જુઓને પ્રભુની દયા કેવી અપાર છે ? બાળકના જન્મ પહેલાં જ 'મા'ના શરીરમાં તેની દયાથી દુધ પ્રકટ થાય છે. હાડકાં ને માંસની વચ્ચે થનારી આ દુધની રચના કેટલી અજબ છે ? સંસારની કોઈ રચના

સાથે એની સરખામણી થઈ શકે તેમ છે ? અથવા સંસારના કોઈ માનવીથી તેવી રચના થઈ શકે તેમ છે ? કોશેટામાં રહેનારા કીડાનો તો વિચાર કરો. તેને ખોરાક પુરો પાડનારી શક્તિ કેટલી બધી શક્તિશાળી હશે ? કીડીને કણ ને હાથીને મણ આપનાર ઈશ્વર તેનું પોષણ કરે છે. જલમાં ને વાયુમંડળમાં વસનારા હજારો જીવોને જીવન આપનાર પણ તે જ છે. છતાં માણસ એ વિરાટ શક્તિને ભુલી જાય છે એ આશ્ચર્ય નથી ?

* * * * *

## ૧૮. મિથ્યાભિમાન

લગભગ આઠ વરસ જેટલી જુની વાત હોવા છતાં એ વાત તાજી બની હોય એવી જ લાગે છે.

ઋષિકેશમાં પંજાબી ક્ષેત્રની ધર્મશાળા છે. તે ક્ષેત્ર તરફથી રોજ સત્સંગ થાય છે. લગભગ દરેક મહિને ત્યાં નવા-નવા વિદ્વાન સંન્યાસીઓને બોલાવાય છે. સાંજે ચારથી પાંચ કથા થાય છે, ને લોકો તેનો મોટી સંખ્યામાં લાભ લે છે.

એ વખતે ત્યાં એક પ્રૌઢાવસ્થાએ પહોંચેલા પ્રતાપી, સંન્યાસીની કથા થઈ રહી હતી. સંન્યાસી વિદ્વાન હતા. તેજસ્વી પણ ખરા. વળી તેમની કથા કરવાની શૈલી પણ ઘણી સરસ હતી, એટલે લોકોના ટોળેટોળા કથામાં ભેગા થતાં, લાભ લેતાં અને સંન્યાસી મહારાજના વખાણ કરતા.

એ સંન્યાસી મહારાજ કથા પુરી કરી રોજ સાંજે ગંગાકિનારે ફરવા આવતા. તે વખતે તેમની સાથે ભક્તોનું મોટું મંડળ રહેતું. ભક્તોમાંથી કોઈ કોઈ કહેતા : 'ગંગાના કિનારા પરની કુટિરોમાં કેટલાક ઉંચી કોટિના જ્ઞાની પુરુષો રહે છે અને એમનો સમાગમ કરવા જેવો છે.' પરંતુ સંન્યાસી મહારાજ એના જવાબમાં ગંભીરતાથી કહેતા : 'હમને તો સબકુછ જાન રક્ખા હૈ. હમેં કિસી કે જ્ઞાન કી જરૂરત નહિ.'

ભક્તો પછી કાંઈ ન બોલતા.

ગંગાકિનારે સંધ્યાકાળે એક તપસ્વી પુરૂષ ધ્યાન ધરવા બેસતા. ભક્તો એમના પણ વખાણ કરતાં, અને એમને પગે લાગતા. સંન્યાસી મહારાજ એમની તરફ ઉપેક્ષાભાવથી જોઈ, કહેતા : 'મૈંને ભી ધ્યાન કર રક્ખા હૈ. અબ તો મૈં સિદ્ધાવસ્થા કી પ્રાપ્તિ કર ચુકા હું.'

લોકોએ એક દિવસ એમનો વરઘોડો કાઢ્યો. ભક્તોએ એમને બીજે સ્થળે જવાને બદલે કાયમ ઋષિકેશમાં જ રહી જવાનો આગ્રહ કર્યો. સંન્યાસી મહારાજ ઋષિકેશમાં રહેવા તૈયાર થયા. ગંગા કિનારે એમણે વિશાળ જમીન લીધી, ને ત્યાં બે ત્રણ નાની કુટિરો બાંધી, મોટા આશ્રમની રચના કરવાની તૈયારી કરવા માંડી.

એ દિવસોમાં હું પણ ઋષિકેશમાં હતો. ગંગાકાંઠે સંન્યાસી મહારાજ ફરવા નીકળતા ત્યારે હું તેમને જોતો. મને થયું કે સંન્યાસી મહારાજે એમના આશ્રમ માટે ખોટી જગ્યા પસંદ કરી છે. એ જગ્યા સલામત નથી. એટલે એક સાંજે ગંગાજીથી પાછા ફરતાં એ મને રસ્તામાં મળી ગયા, ત્યારે મેં એમને કહ્યું :

'આપને આશ્રમકે લિયે જો જગહ પસંદ કી હૈ, વો મેરી દૃષ્ટિમેં સલામત નહિ. વહાં પર ખતરા હૈ.'

અહંભાવથી તેઓ બોલ્યા :

'ખતરા તો સભી જગહ હૈ. હમ તો યોગી લોગ હૈ. હમેં કહીં પર ભી ખતરા નહિ.' એટલું કહીને એ ચાલવા માંડ્યા.

એ પ્રસંગ પછી લગભગ એક અઠવાડિયું થયું ત્યાં તો ભારે તોફાની પવન ફુંકાવા લાગ્યો, ને ભયંકર વરસાદ શરૂ થયો. વરસાદ પણ કેવો ? પુરા સાત દિવસ સુધીનો ભયંકર વરસાદ. દિવાળીના દિવસોમાં વરસાદ પડશે એવી કલ્પના પણ કોઈને ન હતી. ગંગામાં પુર આવ્યું. એની બાજુમાં થઈ વહેતી ચંદ્રભાગામાં

પણ ભારે પુર આવ્યું, ને ગંગાકાંઠે આવેલી સાધુઓની કુટિરો માટે ભય ઊભો થયો. કેટલીયે કુટિરોની ભારે કફોડી હાલત થઈ. પેલા સંન્યાસી મહારાજની કુટિરો ગંગાના પ્રમત્ત પુરમાં વહી ગઈ.

પાણી ઉતર્યું ત્યારે તો ગંગાકિનારાનો દેખાવ જ ફરી ગયો હતો. ઘણી કુટિરોને નુકશાન પહોંચ્યું હતું અને સંન્યાસી મહારાજની કુટિરનું તો નામનિશાન પણ નહોતું રહ્યું.

સાંજે હું રોજના કાર્યક્રમ મુજબ ગંગાકિનારે ફરવા ગયો, ત્યારે પોતાની ભક્તમંડળી સાથે એ સંન્યાસી મહારાજ પણ ત્યાં ફરવા આવ્યા હતા. ગંગાકિનારે ઊભા ઊભા એમના નષ્ટ થઈ ગયેલા આશ્રમનું એ નિરીક્ષણ કરતા હતા. મારી તરફ જોઈ એમણે મોં ફેરવી લીધું. કુદરતે આપેલા પાઠને એ શીખી શક્યા કે નહિ એ તો કોણ જાણે, પરંતુ બેત્રણ દિવસમાં જ એ ઋષિકેશને છોડીને કાયમ માટે વિદાય થયા.

ગંગાના પાણી ને ઋષિકેશની ભૂમિ જાણે સંદેશ આપી રહી હતી કે હે મિથ્યાભિમાની માનવ ! તું જરા વધારે નમ્ર બનતાં શીખ, ને સમજી લે, કે તારા કરતાં એક મહાન શક્તિ આ સંસારમાં કામ કરી રહી છે. એની મહાનતા તથા અલૌકિકતાનો વિચાર કરી તું વધારે નિરાભિમાની બનતાં શીખ.

માણસ એ સંદેશ સાંભળે, અને મિથ્યાભિમાનથી બચે તો કેટલો બધો સુખી થાય ?

* * * * *

## ૧૯. વિવેકાનંદ

વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદ સંન્યાસી થયા તે પહેલાં નાસ્તિક અથવા અશ્રદ્ધાળુ તો ન હતા, પરંતુ એમના સ્વભાવની એક ખાસિયત એ હતી કે કોઈ વાતનો પુરેપુરો સંતોષ થયા પછી જ સ્વીકાર કરતા. કોઈપણ વ્યક્તિ કે વાતના સ્વીકાર પહેલાં એની યથાર્થતાની એ બને તેટલી બધી જ કસોટી કરતા, એને કોઈપણ પ્રકારની ઉતાવળ કર્યા વિના બનતી બધી જ રીતે તપાસતા, અને પછી એની યથાર્થતા કે ઉત્તમતાની પુરેપુરી પ્રતીતિ થતાં, એનો એવો તો સંપુર્ણપણે સ્વીકાર કરતા કે કદી છોડતા જ નહિ.

એમના ગુરૂ રામકૃષ્ણ પરમહંસના સમાગમમાં એ સૌથી પહેલાં આવ્યા ત્યારે એવું જ બન્યું હતું. રામકૃષ્ણદેવ ભક્તો તથા મુલાકાતીઓને ઈશ્વર વિશે ઉપદેશ આપતા પોતાના ખંડમાં બેઠા હતાં ત્યારે વિવેકાનંદે અધવચ્ચે જ ઉભા થઈ એમને પ્રશ્ન કર્યો, કે જે ઈશ્વર વિશે વાત કરો છો તે ઈશ્વરને શું તમે જોયો છે ? કે પછી આ બધો ઉપદેશ પોથીમાંના રીંગણા જેવો છે ? આવી વાતો તો મેં આજ લગી કેટલીય સાંભળી છે, ને હું પણ કરી શકું તેમ છું, પણ તેથી શું ? એ જ્યારે આચારમાં ઉતરે ત્યારે જ તેમની કિંમત છે.

વિવેકાનંદના શબ્દો સાંભળીને રામકૃષ્ણદેવ લેશ પણ નાખુશ ન થયા; પંરતુ પ્રસન્નતા તથા શાંતિપુર્વક બોલ્યા : ‘મેં ઈશ્વરને જોયો છે. જે ઈશ્વર વિશે હું ઉપદેશ આપી રહ્યો છું તે ઈશ્વરનો મેં સાક્ષાત્કાર કર્યો છે, ને ધારું તો તને પણ તે ઈશ્વરનું દર્શન કરાવી શકું તેમ છું.’

વિવેકાનંદને ભારે નવાઈ લાગી. એ આશ્ચર્યચકિત કે સ્તબ્ધ બની ગયા.

કારણ સ્પષ્ટ હતું. અત્યાર સુધી એમણે કોઈ એવા મહાપુરૂષને નહોતો જોયો જે છાતી ઠોકીને એમ કહી શકે કે મેં ઈશ્વરને જોયો છે. માત્ર રામકૃષ્ણદેવ જ એવા નીકળ્યા.

અને એટલું કહીને જ એ બેસી ન રહ્યા, પરંતુ ઊભા થઈને તરત જ એમણે વિવેકાનંદનો હાથ પકડ્યો, એમને લઈને બહાર વરંડામાં ગયા, અને એમના મસ્તક પર હાથ મુકીને એક પ્રકારની અલૌકિક અવસ્થાનો અનુભવ કરાવી આપ્યો.

એ અનુભવે વિવેકાનંદને ખાતરી કરાવી આપી કે રામકૃષ્ણદેવ એ અનુભવ સંપન્ન મહાપુરૂષ છે. એ જે બોલે છે કે ઉપદેશે છે તેની પાછળ એમના અનુભવનું પીઠબળ છે. માટે જ એમનું કથન આટલું બધું અસરકારક બને છે.

પછી તો એ રામકૃષ્ણદેવના શિષ્ય, ભક્ત કે પ્રસંશક બની ગયા, અને એમને ગુરૂ રૂપે માની અત્યંત આદરભાવે જોવા લાગ્યા.

રામકૃષ્ણદેવની કૃપાથી એમને કેટલાય અવનવા અનુભવો થયા.

રામકૃષ્ણદેવનો એમને માટેનો પ્રેમ પણ ખુબ વધી ગયો.

એક વાર વિવેકાનંદને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરવાની ઈચ્છા થઈ, અને તેને માટે એમણે રામકૃષ્ણદેવને કહ્યું. તેમણે ઉત્તરમાં કહ્યું: ‘યોગ્ય વખત આવતાં તારી ઈચ્છા જરૂર પુરી થશે. જરા ધીરજ રાખ.’

એ પછી એક ધન્ય દિવસે વિવેકાનંદને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થઈ ગયો. એ અતિશય આનંદમાં આવી ગયા.

એમને ઊંડી શાંતિ મળી.

રામકૃષ્ણદેવની પાસે આવીને પોતાના અનુભવનું વર્ણન કરતા એમણે કહેવા માંડ્યું : 'તમારી કૃપાથી મારી ઈચ્છા પુરી થઈ છે તે માટે તમારો આભાર માનું છું. પરંતુ મને થાય છે કે નિર્વિકલ્પ સમાધિની એ અલૌકિક અવસ્થા આઠે પહોર અને અસ્ખલિત રીતે ચાલુ રહે, ને મને શરીરનું કે સંસારનું ભાન જ ન રહે, તો કેટલું સારું ? એવી અવસ્થાની મને ઈચ્છા છે. એવી દૈવી અવસ્થાનો મને આશીર્વાદ આપો. તમારા આશીર્વાદમાં મને વિશ્વાસ છે. એથી કશું જ અશક્ય નહિ રહે.'

વિવેકાનંદની વાણી સાંભળીને રામકૃષ્ણદેવ પહેલા તો હસ્યા, પરંતુ પછીથી જરા ગંભીર થઈ કહેવા માંડ્યા : 'હું તને ભારે બુદ્ધિમાન કે વિચારશીલ ને ડાહ્યો સમજતો હતો. પરંતુ આજે મને સમજાયું કે તું એટલો બધો વિવેકી નથી. નહિ તો આવી અવિવેકી માણસને છાજે તેવી વાતો ન કરત. તને ખબર નથી કે દુનિયામાં કેટલું બધું દુઃખ છે, દર્દ અને અજ્ઞાન છે ? લોકોને ધર્મ કે સાધનાનો સાચો ખ્યાલ નથી, ને પ્રજામાં અનેક પ્રકારના ખોટા ખ્યાલો ને વહેમો ભરેલા છે. તે વખતે તારો ધર્મ તેમની સેવા કરવાનો કે તેમને પ્રકાશ પ્રદાન કરવાનો નથી શું ? તેને બદલે તું તો તારા જ સ્વાર્થની અને તારી જ સુખશાંતિની વાત કર્યા કરે છે. સાધના દ્વારા જે મળે તેનાથી તારે બીજાની સેવા કરવાની છે - તે માટે જ તારો જન્મ છે !'

વિવેકાનંદ સમજી ગયા. તે સમજતા જ હતા, પરંતુ રામકૃષ્ણદેવે તેમની ભુલાયેલી સમજશક્તિને તાજી કરાવી.

પાછળથી વિવેકાનંદે જે ભગીરથ લોકહિતનાં કાર્યો કર્યાં તે તો આજે જાણીતું છે. તેમાં તેમના ગુરૂ રામકૃષ્ણદેવનો કેટલો બધો મોટો મહામુલો ફાળો હતો, તે ઘણા સમજતા નથી. આ પ્રસંગ તેની સમજ પુરી પાડશે. વિવેકાનંદને 'વિવેકાનંદ' બનાવવા માટે રામકૃષ્ણદેવે કાંઈ ઓછું કીમતી કામ નહોતું કર્યું.

* * * * *

## ૨૦. ઔષધિથી સમાધિ

ઔષધીથી સમાધિની સિદ્ધિ થઈ શકે ખરી ? પાતંજલ યોગદર્શનમાં વિભુતિપાદના પ્રથમ સુત્રમાં જ કહ્યું છે : 'જન્મ, મંત્ર, તપ, ઔષધી અને સમાધિના પ્રભાવથી જુદી જુદી સિદ્ધિ મળી શકે છે.' તો શું એ વાત સાચી છે ? અને એમાં કરવામાં આવેલા ઔષધીના ઉલ્લેખ પ્રમાણે તેનાથી શું સમાધીની પ્રાપ્તિ થઈ શકે ખરી ? એવી ઔષધીની માહિતી કોઈને હશે ખરી ?

ઇ. સ. ૧૯૪૬માં મારે સીમલા જવાનું થયું, અને ઈશ્વરકૃપાથી ત્યાં આકસ્મિક રીતે જ સંત શ્રી નેપાલીબાબાનું દર્શન થયું, ત્યારે એ વિચારો મારા મનમાં વધારે ને વધારે પ્રબળ બની પેદા થવા માંડ્યા. કારણ નેપાલીબાબા ઔષધશાસ્ત્રના પ્રખર નિષ્ણાત હતા અને અત્યારે મારી પાસે બેસીને એ વિશે જ વાર્તાલાપ કરી રહ્યા હતા.

મેં કહ્યું : 'મને તો બીજી ઔષધીમાં ખાસ રસ નથી. મને તો સમાધિ થાય એવી ઔષધી જોઈએ છે. તમને એવી ઔષધીની જાણ હોય તો મને કહી બતાવો.'

નેપાલીબાબાએ કહ્યું : 'મને જાણ નહીં કેમ હોય ? આ તો મારો વિષય છે. એટલે મેં બધી શોધો કરી છે. સમાધિ કરાવનારી ઔષધીને પણ હું મેળવી શક્યો છું. તમે કહેશો ત્યારે હું તમને તે બતાવીશ અને એનો પ્રયોગ કેમ કરવો તે પણ સમજાવીશ.'

મેં કહ્યું : 'તો તો ઘણું સારું.'

મને અત્યંત આનંદ થયો.

વળતે દિવસે દહેરાદુનના યોગીશ્રી ભૈરવ જોશી સાથે હું તેમને મળવા ગયો. તે અમને જોઈ રાજી થયા. એમણે અમારો સ્નેહથી સત્કાર કર્યો. સીમલાથી લગભગ ત્રણ માઈલ દુર એકાંત પર્વતો વચ્ચે એમનું સ્થાન હતું. આજુબાજુ ચાર પાંચ ગરીબોનાં ઝુંપડા હતાં. મેં તેમને પેલી ઔષધીની વાત યાદ કરાવી એટલે તેમણે એ લાવીને મારી આગળ રજુ કરી. મારા હર્ષનો પાર ન રહ્યો. મેં એની વિગત માગી એટલે એમણે કહેવા માંડ્યું :

'અહીંના પર્વતોમાં આ વનસ્પતિ ક્યાંક-ક્યાંક થાય છે. પરંતુ તેને ઓળખનારા નથી, એથી એ ગુપ્ત છે. એને પાણીમાં ઉકાળી તેમાં થોડું દુધ નાખી માવા જેવું કરીને તેનું સેવન કરવું પડે છે. મારા કહ્યા પ્રમાણે તમે તેનો પ્રયોગ જરૂર કરજો. તમને લાભ થશે. પરંતુ ભૈરવ જોશીને આ ઔષધી ના આપશો. એમનો યોગ હજુ નથી આવ્યો. એમને હજુ ઘણી વાર છે. તમે એકલા જ સેવન કરજો.'

ભૈરવ જોશી બાજુમાં જ બેઠા હતા. તેમણે નેપાલીબાબાએ આપેલી ઔષધી સાચવીને મુકી દીધી.

દહેરાદુનમાં આવીને હું ભૈરવ જોશીના કાંવલી રોડ પર આવેલા શાંત બંગલામાં એમના મહેમાન તરીકે પંદરેક દિવસ એમના અત્યંત આગ્રહને વશ થઈને રહ્યો તે દરમિયાન એક દિવસ એ ઔષધીનો પ્રયોગ કર્યો. સાંજે લગભગ આઠ વાગ્યે જોશીજી એ ઔષધી લઈને મારી પાસે આવી પહોંચ્યા. એમના પત્નીએ જ એને તૈયાર કરી હતી.

મને થયું કે નેપાલીબાબાએ ના કહી છે, છતાં જોશીજી પોતે જ આ ઔષધી તૈયાર કરીને લાવ્યા છે, ત્યારે એમાંથી થોડોક હિસ્સો એમને પણ આપું. આવી બાબતમાં સ્વાર્થી અથવા તો એકલપેટા થવું ઠીક નહીં. ભલે, એમને લાભ ન થવાનો હોય તો ન થાય, પણ હું એમને ઔષધી તો આપું જ.

એવો વિચાર કરીને એમાંથી થોડો ભાગ મેં જોશીજીને આપ્યો, અને બાકીના બીજા ભાગનું સેવન કરીને હું લગભગ રાતે નવ વાગ્યે મારા સ્વતંત્ર રૂમમાં પડેલી આરામખુરશી પર બેઠો. અલબત્ત, આંખ બંધ કરીને ધ્યાન કરતાં જ બેઠો.

થોડીવારમાં તો મારી ચિત્તવૃત્તિ તદ્દન શાંત થઈ ગઈ, અને મારું શરીરભાન ભુલાઈ ગયું. તે પછી શું થયું તેની ખબર મને ન પડી.

સવારે જોશીજી બેત્રણ વાર મારા રૂમમાં આવી ગયા હશે. તેમની બુમ સાંભળીને છેવટે હું જાગી ઉઠ્યો.

જોશીજી કહે : ‘હું બેત્રણ વાર આવી ગયો છતાં, તમે છેક અત્યારે જ જાગી શક્યા. આવી રીતે કેટલા વખતથી બેઠા છો ?’

મેં કહ્યું : ‘તમે મને રૂમમાં મુકીને ગયા ત્યારથી. રાતે નવ વાગ્યાથી. કેમ ? અત્યારે કેટલા વાગ્યા છે ?’

જોશીજીને ભારે નવાઈ લાગી.

‘રાતના નવ વાગ્યાના અહીં ને અહીં જ બેઠા છો ? ભારે કરી. અત્યારે તો બરાબર સવારના નવ વાગ્યા છે. જુઓને બધે તડકા ચઢ્યા છે. બાર કલાક લગી તમે સમાધિમાં રહ્યા ? તમારો ચહેરો કેવો ચળકતો હતો ? મને તો કશું જ ના થયું. ઔષધી લઈને બેઠો, પણ મન ન લાગ્યું, એટલે રોજની જેમ ઊંઘી ગયો. નેપાલીબાબાના શબ્દો સાચા પડ્યા. એમણે મને ઔષધી આપવાની ના પાડી હતી ને ? છતાં તમે આપી. પરંતુ નસીબ આગળ ને આગળ. તમારું ભાગ્ય ઘણું ભારે કહેવાય.’

મેં એમને ધીરજ ને હિંમત આપી.

આ પ્રસંગથી મને ખાતરી થઈ કે નક્કી સમય કે યોગ્યતા અથવા અધિકાર વિના કશું જ થતું નથી. અને પાતંજલ યોગદર્શનની વાતમાં મારો વિશ્વાસ વધ્યો. ઔષધીની મદદથી સમાધિની પ્રાપ્તિ કરી શકાય છે, એ વિધાન મને સંપુર્ણ સાચું લાગ્યું. જેનામાં ધ્યાન દ્વારા પ્રાપ્ત થયેલી બીજી યોગ્યતા છે, તેને આગળ વધવા માટે ઔષધી આશીર્વાદરૂપ થઈ શકે છે, એમાં શંકા જ ન રહી.

* * * * *

## ૨૧. અજબ અનુભવ

ગયા જુન માસમાં હું સરોડા હતો ત્યારે જે પ્રસંગ બન્યો તે સદાને માટે સ્મરણપટ પર અંકિત થઈ ગયો છે. પ્રસંગો જીવન પર પોતાની છાપ મુકી જાય છે, એને કોઈપણ રીતે, કોઈયે કાળે, સ્થળે ને કારણે, ભુલી શકાતા નથી. જીવનમાં અમર રહેવા એ સરજાયેલા હોય છે. મારું આખું જીવન ઈશ્વરી કૃપાના નાનામોટા અનેક પ્રસંગોથી ભરેલું છે. એથી જ એવા પ્રસંગો સરજાય છે ત્યારે મને કોઈ જાતની નવાઈ નથી લાગતી, છતાં એક પ્રકારનો અભુતપૂર્વ આનંદ થાય છે, ને હૃદય ઈશ્વરની કૃપાને યાદ કરીને ભાવવશ બની જાય છે.

એ દિવસે મારા રોજના નિયમ પ્રમાણે હું સાંજના વખતે મકાનના નિયત કરેલા ઓરડામાં ધ્યાનમાં બેઠો હતો. ધ્યાનનો સમય પુરો થતાં પ્રાર્થના કરીને મેં આંખ ખોલી તો મારી નજર સામેના ગોખલામાં રાખેલી શ્રી સાંઈબાબાની પ્રતિમા પર પડી. મુંબઈના એક ચિત્રકાર તથા શિલ્પી ભાઈએ મને એ ભેટ આપી હતી, તેથી પ્રેમથી આપેલી એમની એ ભેટનો અનાદર કરવાને બદલે મેં તેને ઘરમાં રાખી હતી. ઘરના એ ઓરડામાં બીજા પણ પ્રાતઃસ્મરણીય સંતપુરુષોના ફોટા હતા. લગભગ રાતના આઠેક વાગ્યાનો વખત હોવાથી ઓરડામાં બધે જ અંધારું પથરાઈ ગયું હતું. કાંઈપણ દેખાતું ન હતું. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો ગોખલામાં મુકેલી સાંઈબાબાની પ્રતિમા પર શાંત તથા તેજસ્વી પ્રકાશનો ગોળો હતો ! પ્રકાશનું એ વર્તુળ એમના પગ પર પથરાયેલું હતું. હું ઉભો થયો, એની પાસે ગયો અને એને હાથ લગાડી જોયો. ઓરડાની અંદર અને બહાર બધે જ અંધારું હતું. ત્યારે ઓરડામાં આટલો બધો તેજસ્વી પ્રકાશ આવ્યો ક્યાંથી ? અને એ પણ બીજે ક્યાંય નહીં ને કેવળ સાંઈબાબાની જ મુર્તિ પર ? મને આનંદ પણ થયો, અચંબો પણ લાગ્યો.

પણ પ્રકાશ તો મારી પ્રતિક્રિયાની પરવા કર્યા વગર આગળ વધ્યો ને પગ પરથી ઉપર ચઢી છાતી પર આવી પહોંચ્યો. બેત્રણ મિનિટ ત્યાં રહી પાછો એ ઉપર ચઢ્યો, ને સાંઈબાબાના ગળા પર થઈ એમના વદન પર સ્થિર થયો. એમનું વદન એ પ્રકાશને લીધે જ્યોતિર્મય બની ગયું.

આ અણધાર્યા અનુભવથી મને કાંઈ ને કાંઈ વિચારો આવવા માંડ્યા. મને થયું કે પોતાની સત્યતા બતાવવા આ પ્રકાશ સાંઈબાબા પોતે જ બતાવી રહ્યા છે. હજુ પણ એ હયાત છે, ને ઈચ્છાનુસાર કામ કરે છે, અથવા અનુભવ આપે છે. એના પુરાવા રૂપે શું આવો અજબ અનુભવ આપ્યો હશે ?

મને થયું કે આનો લાભ બીજાને પણ કરાવું. બહાર ચોકમાં બેન ને તેનાં છોકરાં તથા માતાજી હતાં. તે બધાં જમવાની તૈયારી કરતાં હતાં. બહાર જઈને મેં તેમને કહ્યું : ‘સાંઈબાબાનો ચમત્કાર જોવો હોય તો આવો.’

તે બધાં દોડી આવ્યાં. પ્રકાશ હજુ સાંઈબાબાના ચહેરા પર એવો જ સ્થિર હતો. તેને જોઈ બધાં આભા બની ગયાં. કેવો અસાધારણ પ્રકાશ હતો ?

લગભગ પોણા બે કલાક લગી એવી રીતે અચલ રહીને આખરે એ પ્રકાશ ઝાંખો થયો ને પછી અદૃશ્ય થઈ ગયો. ઓરડામાં બીજે તો અંધારું હતું જ, હવે પ્રતિમાની આજુબાજુ પણ અંધારું ફરી વળ્યું.

બહાર આવીને બધાં જમવા બેઠાં પરંતુ એ અજબ અનુભવ આંખે તરવરવા લાગ્યો. બાળકો તો એ પછી રોજ સાંજે ઓરડામાં જવા લાગ્યાં, પણ એમ કાંઈ રોજ પ્રકાશ દેખાય ? એ તો જ્યારે બતાવવા માગે, ને જેને બતાવવા માગે, તેને તથા ત્યારે જ દેખાય. રામાયણમાં કહ્યું છે ને; ‘પોતાનું સ્વરૂપ તે જેને જણાવવા માગે છે, તે જ તેને જાણી શકે છે.’ તેની કૃપા થાય તો જ માણસ તેને જોઈ શકે. તેની કૃપા વિના કંઈ જ ન થાય.

*   *   *   *   *

## ૨૨. એ યોગી કોણ હતા ?

ઈશ્વર પર શ્રદ્ધા રાખી જીવનમાં ડગલે ને પગલે જે આગળ વધે છે, તેની ઈશ્વર બધી રીતે સંભાળ રાખે છે, અને જેમ બાળકની બધી જરૂરિયાતો માતા યોગ્ય માત્રામાં ને યોગ્ય સમયે પુરી પાડે છે, તેમ તેની બધી જરૂરિયાતો ઈશ્વર તરફથી પુરી પાડવામાં આવે છે, તે શું સાચું છે ?

આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના કહેવાતા યુગમાં, ભારત જેવા ધર્મપરાયણ દેશના નિવાસીને પણ આવો પ્રશ્ન કરવો પડે છે, કારણ કે લોકોમાંથી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાભક્તિ ઓસરતી જાય છે. વિજ્ઞાનના વધતા જતા વિકાસે લોકોને વધારે વિષયલોલુપ ને બહિર્મુખ બનાવ્યા છે. માનવતાને બદલે દાનવતાની બોલબાલા બધે વધતી જાય છે. આવા જડવાદી જમાનામાં ઈશ્વરપરાયણ જીવન જીવનારા લોકો નથી એમ નહિ, પરંતુ એમની સંખ્યા એટલી બધી થોડી છે, કે વિશાળ માનવ-મહેરામણ પાસે એ નહિ જેવી લાગે. છતાં એવા લોકો પોતાના વધારે કે ઓછા જાત અનુભવથી જાણે છે, વિશ્વાસ રાખે છે કે આ સંસાર પાછળ એક વિરાટ શક્તિ એવી છે જે વિજ્ઞાન ને ટેકનોલોજી, ને એટમ, હાઈડ્રોજન, કોબાલ્ટ કે બીજી કોઈપણ જાતની શક્તિથી વધારે શક્તિશાળી છે, સનાતન છે. ને જે એનું શરણ લે છે, તેની તે સર્વપ્રકારે સંભાળ રાખે છે.

ઈશ્વરની કૃપાથી મને મારા બાળપણથી જ એ વિરાટ શક્તિના સંબંધમાં આવવાનું સૌભાગ્ય મળ્યું છે, અને એની કૃપાના અનેક અનુભવો મારા જીવનમાં મળતા રહ્યા છે. એ સહુનો વિચાર કરી મારું હૃદય ભાવવિભોર બની જાય છે. મને થાય છે : આવા ઈશ્વરનું શરણ ન લેવાથી, ઈશ્વર સાથે સંબંધ ન બાંધવાથી ને ઈશ્વરી કૃપાના ચાતક ન થવાથી જ માણસ દુઃખી છે. તેવામાં ઈશ્વરનો પ્રેમ જાગી જાય તો એ સર્વ પ્રકારે સુખી થાય, ને તેના બધી જાતના લાડકોડ ઈશ્વર પુરા કરે એમાં કશો જ સંદેહ નથી. પરંતુ એટલો પ્રેમ ને શ્રદ્ધા એ કેળવે ત્યારે ને ?

અહીં જે વાતનો ઉલ્લેખ કરી રહ્યો છું તે ઈ. સ. ૧૯૪૦ની છે.

તે વખતે મને યોગની સાધના કરવાની લગની લાગી હતી. યોગની જેટલી બને તેટલી સાધના કરીને જીવનમાં એક મહાન શક્તિશાળી યોગી થવાની મારી ઈચ્છા હતી. તેને માટે હું મારાથી બનતી તૈયારી કરી રહ્યો હતો. જુદી જુદી જાતનાં આસન અને ષટક્રિયાનો અભ્યાસ ચાલુ હતો, તથા મુદ્રા ને ધ્યાનની સાધના પણ ચાલતી હતી. પ્રાણાયામના પ્રારંભિક અભ્યાસ તરીકે મેં નાડીશોધનની ક્રિયાઓ જાણી લીધી હતી, ને શરૂઆતના કેટલાક પ્રાણાયામ પણ કરવા માંડેલા.

મારી ઈચ્છા જેમ બને તેમ ઝડપથી વિકાસ કરવાની, અને એ માટે ઉંચી કોટિના પ્રાણાયામને જાણવાની હતી. ગોકળગાયની ગતિથી ચાલવાનું મને ગમતું નહોતું. અંતરમાં અદમ્ય ઉત્સાહ, તરવરાટ તથા વિકાસ માટેના પુરુષાર્થનો પ્રચંડ ભાવાગ્નિ સળગી રહ્યો હતો. બનતી વહેલી તકે બધું સિદ્ધ કરવાની, ને તે માટે જેવો ને જેટલો આપવો પડે તેવો ને તેટલો ભોગ આપવાની મારી તૈયારી હતી.

પરંતુ ઉંચા કોટિના પ્રાણાયામ એકલે હાથે ન કરી શકાય. એ માટે કોઈ અનુભવી માર્ગદર્શક અથવા ગુરૂ જોઈએ. એવા ગુરૂના માર્ગદર્શન પ્રમાણે જ અભ્યાસ કરી આગળ વધી શકાય. યોગના માર્ગમાં - ખાસ કરીને પ્રાણાયામ જેવી ક્રિયામાં એકલે હાથે આગળ વધવું મુશ્કેલ છે.

પણ એવાં ગુરૂ કે માર્ગદર્શક કાંઈ ઠેકઠેકાણે મળી શકે છે ? અનુભવી પુરુષો બહુ ઓછી સંખ્યામાં હોય છે, ને કોઈ ધન્ય આત્માને જ મળી શકે છે. સાધુ-સંન્યાસી ને યોગી તો મેં ઘણા જોઈ નાખ્યા; પરંતુ કોઈ પ્રાણાયામની સાધનામાં આગળ વધેલું ન લાગ્યું. હવે શું થાય ? મારી ચિંતા વધી ગઈ. મેં ઈશ્વરને આતુર હૃદયે પ્રાર્થના કરવા માંડી : ‘પ્રભુ ! મારા પર કૃપા કરો ને મને કોઈ અનુભવી યોગીપુરૂષની મુલાકાત કરાવી દો, ત્યારે જ મને શાંતિ વળશે ને ચેન પડશે.’

એ વાતને લગભગ દોઢેક મહિનો થઈ ગયો. એકવાર હું વડોદરામાં મારા એક યોગાશ્રમ ચલાવતા મિત્ર સાથે રસ્તા પર ઊભો રહી વાતચીત કરતો હતો, તે વખતે કોઈક અજાણ્યો બાળક મારી પાસે આવ્યો. તેની વય દસેક વરસની હશે. તેણે મારા તરફ જોઈ સ્મિત કરીને કહ્યું : ‘તારી ઈચ્છા પ્રાણાયામ શીખવી શકે એવા યોગીને મેળવવાની છે ને ? તો તમે ગોયાગેટ પાસે આવેલા રણમુક્તેશ્વર મહાદેવના મંદિરમાં કેમ નથી જતા ? ત્યાં મેડા પર એક સારા યોગીપુરૂષ હાલ આવ્યા છે, તે પ્રાણાયામના ઉંચી કોટિના અભ્યાસી છે.’

આ બાળકને હું પ્રાણાયામ શીખવા માંગુ છું તેની ખબર ક્યાંથી પડી ? હું એને ઓળખતો પણ નહોતો. તે મને રસ્તા પર એ દિવસે પહેલી વાર જ મળ્યો હતો. મને એના ખુલાસાથી જરા નવાઈ લાગી, પણ હું કાંઈ વાત કરું કે પુછું તે પહેલાં તે છોકરો મને પ્રણામ કરી હસતો હસતો રવાના થઈ ગયો - ક્યાંક દોડી ગયો. મારા યોગાશ્રમવાળા મિત્ર પણ એ છોકરાને કોઈવાર નહોતા મળ્યા.

એ બાળક મારી પ્રાર્થનાના ઉત્તર રૂપે મને માર્ગદર્શન આપવા આવેલા ઈશ્વર હતા કે પછી કોઈ યોગીપુરૂષ હતા એની સમજ મને ન પડી, પણ એ પછી તરત જ હું રણમુક્તેશ્વર મહાદેવમાં ગયો, અને પેલા યોગીપુરૂષને જીવનમાં પહેલી વાર જ મળ્યો. આગળ ઉપર એમણે મને પ્રાણાયામની ગુઢ ક્રિયા શીખવાડી, અને એ રીતે મને શાંતિ વળી.

એ છોકરો એ પછીનાં આટલાં વરસોમાં મને કદી મળ્યો નથી. એનો અચાનક થયેલો મેળાપ મારા જીવનમાં એક રહસ્ય રહ્યો છે, ને રહસ્ય જ રહેશે.

* * * * *

## ૨૩. અમરનાથની કૃપા

કાશ્મીરના દિવ્ય સ્થાન અમરનાથનું દર્શન કરવાનો સોનેરી અવસર જેને જીવનમાં પ્રાપ્ત થયો છે, તે સારી પેઠે જાણે છે કે એ સ્થાન કેટલું બધું સુંદર અને અલૌકિક છે. એ સ્થાનની યાત્રા એ જીવનનો એક મોટામાં મોટો લ્હાવો છે. જો કે એ યાત્રા કઠિન છે, તો પણ એનો આનંદ ઓર જ છે. એમાંય ભારે પરિશ્રમ પછી યાત્રી અમરનાથ પહોંચે છે, ને ત્યાંની પર્વતીય ગુફામાં શ્રાવણ સુદ પુનમે બનતા બરફના શિવલિંગનું દર્શન કરે છે, ત્યારે તો તેને એમ જ લાગે છે, કે જીવન ધન્ય બની ગયું. ઉંચા ઉંચા બરફથી છવાયેલા પહાડ, સામે નદી, ને ગુફામાં બરફનું લિંગ, એ બધું જોઈને એ મુગ્ધ જ બની જાય છે. ઈશ્વરની લીલાનો વિચાર કરીને એ સ્તબ્ધ બને છે.

અમે પણ અમરનાથનાં અદભુત દ્રશ્યનું દર્શન કરીને ધન્ય બની ગયા.

અમરનાથની ગુફામાં બેસી થોડો વખત સુધી અમે પ્રાર્થના કરી, અને પછી નીચે આવવા નીકળી પડ્યા. પંચતરણી પહોંચતા પહોંચતા તો એટલો બધો વરસાદ પડ્યો, કે અમારા બધાં જ કપડાં પલળી ગયાં. ઉતારા પર તંબુમાં આવી અમે કપડાં બદલ્યાં. થાક લાગ્યો હોવાથી આરામ કર્યો. પછી વિચાર કર્યો કે હવે બહાર જઈ કાંઈ ખાવાનું મળતું હોય તો લાવીએ.

બહાર આવીને જોયું તો લગભગ પોણા ભાગના તંબુવાળા વહેલા વહેલા ઘેર પહોંચવા માટે શેષનાગ તરફ વિદાય થઈ ગયા હતા. જે તંબુવાળા પુરી ને શાક વેચતા હતા તે પણ ન હતા. હવે શું કરવું ? અમને ખુબ જ નિરાશા થઈ. એક તો આટલી બધી ઘોર ઠંડી ને બીજી બાજુ ભુખ, એટલે ખોરાકની ઈચ્છા થાય તે સ્વાભાવિક હતું. ભુખે પેટે તો વખત પણ ન જાય. પણ હવે કરવું શું? એક તંબુ પાસેથી પસાર થતી વખતે, તંબુ બહાર ઉટકવા મુકેલા વાસણમાં મેં દાળ ને ભાતના દાણા જોયા. તે જોઈ મને થયું - દાળ ને ભાત ખાધે કેટલોય વખત થઈ ગયો છે. આટલી બધી ઠંડીમાં ગરમાગરમ દાળભાત મળે તો કેટલી મજા પડે ? પરંતુ દાળભાત લાવવાં ક્યાંથી ? પુરી ને શાકનાં જ ફાંફા હતા, તો દાળભાત ક્યાંથી મળે ? મને થયું - આવા સંજોગોમાં જો દાદા (શંકર ભગવાન) કૃપા કરે, તો જ કશું બની શકે; નહિ તો આજની રાત ભુખ્યાં જ પડી રહેવું પડશે.

પણ ઈશ્વરે ક્યારે કૃપા નથી કરી ? જેણે એને સાચા દિલથી ને ખુબ ભક્તિભાવે યાદ કર્યા છે, તેના પર એની કૃપા જરૂર થઈ છે. કોઈવાર એ કૃપામાં વિલંબ થયો હશે તે ભલે, પરંતુ કૃપા નથી થઈ એવું તો ભાગ્યે જ બન્યું છે. જે એને યાદ કરે છે, એનું સાચા દિલથી શરણ લે છે, તેની સંભાળ એ રાખે જ છે. એ મારો વિશ્વાસ સાચો ઠર્યો.

વાત એમ બની કે છેલ્લા તંબુ આગળ અમે ઉભા હતા ત્યાં જ એક કાશ્મિરી જેવો દેખાતો માણસ મારી પાસે આવ્યો, અને મને હાથ જોડી કહેવા માંડ્યો, 'આપ ભોજન કરોગે ?'

મને નવાઈ લાગી. આવા સ્થાનમાં વળી ભોજન કોણ કરાવે ? કે પછી આ ભાઈ અમારી મશ્કરી કરે છે ? જો કે એમના હાવભાવ તથા પોષાક પરથી એ સજ્જન ને ગૃહસ્થ દેખાતા હતા, એટલે એ અમારી મશ્કરી કરે છે એવી શંકાને કોઈ કારણ ન હતું. છતાં એવો વિચાર મને આવી ગયો.

ત્યાં તો તેમણે ફરી પુછ્યું : ‘ક્યા આપ ભોજન કરોગે ? મેરે પાસ ભોજન હૈ.’

મેં કહ્યું : ‘હું એકલો નથી. મારી સાથે જે ભાઈ છે તે ભુખ્યા રહે ને હું એકલો ભોજન કરું તે મને પસંદ ન પડે, એટલે બંનેને ભોજન કરાવી શકો તેમ હો તો હું આવું.’

પણ તે ગૃહસ્થે કહ્યું : ‘ભોજન પુરતું છે. માટે તમે બંને આવો.’

હવે મેં તેમને કહ્યું : ‘અમે બધાં મળીને ત્રણ છીએ. તંબુમાં મારા માતાજી પણ બેઠાં છે.’

તે ભાઈએ હસતાં-હસતાં કહ્યું : ‘તમે ત્રણે આવો.’

પછી એ ભાઈ અમને પોતાના તંબુમાં લઈ ગયા. તંબુ એટલો બધો મોટો હતો કે વાત નહીં. અંદર લઈ જઈ અમને તેમણે ધાબળાના આસન પર બેસાડ્યાં. એક બાજુ સત્યનારાયણની કથા થતી હતી; અને કથા સાંભળવા કેટલાય લોકો બેઠા હતા. મને થયું કે આટલા બધા માણસો અહીં ક્યાંથી આવ્યા ? તે ભાઈએ મારી જીજ્ઞાસા જાણી લીધી હોય તેમ કહ્યું : ‘ભેગા થયેલા બધા લોકો મારા સંબંધી છે.’

થોડા વખતમાં તો કથા પુરી થઈ. એ ગૃહસ્થે અમારી આગળ પાસેના ચુલા પરની તપેલીમાંથી દાળ ને ભાત કાઢી પીરસેલી ભોજનની થાળીઓ મુકી, અને હાથ જોડી અમને જમવાનું કહ્યું. કેટલી બધી નમ્રતા ને સરલતા ! થાળીમાં દાળભાત જોઈને મને બહુ આનંદ થયો. જે ઈચ્છા હતી, તે ઈશ્વરે પુરી કરી એમ જાણીને હૈયું ભરાઈ આવ્યું.

અમે જમી રહ્યા પછી તે ભાઈએ પોતાને હાથે જ અમારા વાસણ ઉટકી નાખ્યાં. વાસણ નોકર હોવા છતાં તેમની પાસે ઉટકાવાને બદલે પોતે જ ઉટક્યાં, અને અમારી પાસે પણ ન ઉટકાવ્યાં. અમે ઘણો આગ્રહ કર્યો ત્યારે કહ્યું : ‘મારું એવું ભાગ્ય ક્યાંથી કે તમારા વાસણ ઉટકી શકું, અને એ પણ આવી દેવભુમિમાં ?’

જમીને અમે અમારા તંબુમાં ગયા ત્યારે સાંજ પડી ગઈ હતી. બીજે દિવસે અમે શેષનાગ આવવા ઉપડ્યાં, ત્યારે તે ભાઈ પણ અમારી સાથે થઈ ગયા. શેષનાગ સુધી વાતો કરતા કરતા અમે આવી પહોંચ્યા. પછી તે ભાઈ ક્યાં ગયા તેની ખબર અમને ન પડી. પહેલગામ સુધીના રસ્તામાં ફરીવાર તે અમને મળ્યા જ નહીં. ગમે તેમ પણ અમારું કામ તો થઈ ગયું.

ઈશ્વરની એ કૃપાને યાદ કરી આજે પણ હૃદય ભાવવિભોર બની જાય છે. ધન્ય છે ઈશ્વરની કૃપાને !

*  *  *  *  *

## ૨૪. હૃદય પલટો

પંજાબના કરતારપુરમાં જન્મેલા, શીખ ધર્મના સ્થાપક, ગુરૂ નાનક ભારે પ્રતાપી પુરૂષ હતા. તેમના અસંખ્ય અનુયાયી હતા. તેમણે ચારથી પાંચ વાર ભારતની પરિકમ્મા કરી હતી.

બાબર ભારતમાં આવ્યો, ત્યારે તેણે એમનું નામ સાંભળ્યું. સંતો અને ફકીરોને મળવાનો એને શોખ હતો, એટલે એ ગુરૂ નાનક પાસે ગયો અને આશીર્વાદની માગણી કરી.

ગુરૂએ કહ્યું : ‘હું તને શું આશીર્વાદ આપું ? ઈશ્વરે તારે માટે જે નક્કી કર્યું છે તે જ થવાનું છે. તું દિલ્હીની ગાદી પર બેસે એવી ઈશ્વરની ઈચ્છા છે.’

એ સાંભળીને બાબરને આનંદ થયો. થોડા વખતમાં એ બાદશાહ બની દિલ્હીની ગાદીએ બેઠો, ત્યારે એને ગુરૂ નાનકની શક્તિની ખાતરી થઈ.

એ પછી નાનક દેશના પ્રવાસે નીકળ્યા. એ વખતના પ્રવાસો આજના કરતા બહુ આકરા અને અગવડભરેલા હતા. યાતાયાતનાં આજના જેવાં સાધનોનો અભાવ હોવાથી, એ વખતના પ્રવાસો ભારે પરિશ્રમ માગી લેતા. છતાં લોકસંપર્ક કેળવવા તથા ઈશ્વરની લીલાનું દર્શન કરવાની ઈચ્છાથી, મોટી ઉંમરે પણ, નાનક દેશમાં બધે ફરતા.

ફરતા-ફરતા તે એક ગામમાં આવી પહોંચ્યા. ત્યાં પણ સાધુસંતો રહેતા. પોતાના ચમત્કારોથી એ લોકોમાં જાણીતા થયા હતા. લોકો પર એમનો ઘણો સારો પ્રભાવ હતો. લોકો એમની સેવા પણ સારી રીતે કરતા. નાનકદેવ ગામમાં આવેલા જાણી એમને ઈર્ષા થઈ. કદાચ લોકોની શ્રદ્ધાભક્તિ ને સેવાભાવ નાનક તરફ વળી જાય તો તેમની પ્રતિષ્ઠા અને તેમનું માન ઘટી જાય, એટલે નાનકદેવને ગામમાંથી હાંકી કાઢવાનો એમણે વિચાર કર્યો.

પણ એમને હાંકી કાઢવા કેવી રીતે ? લોકોનાં ટોળેટોળાં એમની આજુબાજુ એકઠાં થતાં, અને એમનાં ભજનકીર્તન તથા ઉપદેશ સાંભળી મુગ્ધ બની જતાં. એ ભારે જ્ઞાની છે એવું લોકો કહી બતાવતા. એવા મહાપુરૂષને ગામમાંથી કાઢવા શી રીતે ? એમની સાથે કોઈ ખરાબ વર્તન તો કરાય નહીં. આખરે એમણે એક યુક્તિ કરી.

એક શિષ્યને દુધથી ભરેલો પ્યાલો આપી નાનકદેવ પાસે મોકલ્યો. નાનકદેવને શું કહેવું તે પણ શિષ્યને કહી દીધું. તે પ્રમાણે કહેવાથી નાનકદેવ ગામ છોડી જરૂર જતા રહેશે એવી એમને ખાત્રી હતી.

શિષ્યે નાનકદેવ પાસે આવી દુધનો પ્યાલો આપ્યો, ને સાધુઓએ કહ્યા પ્રમાણે કહ્યું :

‘દુધનો આ પ્યાલો જેમ ભરેલો છે, અને એમાં જરાય જગ્યા નથી. તે પ્રમાણે આ ગામ પણ આખું સાધુસંતોથી ભરેલું છે. એમાં તમારા જેવા સંત માટે જરા પણ અવકાશ નથી. માટે તમે કૃપા કરી અહીંથી વિદાય થઈ જાવ તો સારું છે.’

નાનકદેવ કાંઈ બોલ્યા નહીં. પરંતુ પોતાના શિષ્યને સુચના આપી દુધના એ પ્યાલામાં થોડી સાકર નંખાવી, અને એની ઉપર એક તુલસીનું પાંદડું મુકાવી કહ્યું :

'તમારા સાધુસંતોને કહેજો કે ગામ આખું સાધુસંતોથી ભરેલું છે, પરંતુ એ સંતોમાં મીઠાશ નથી. એ આ મોળા દુધ જેવા છે, એમની વચ્ચે હું સાકરની જેમ રહીશ, અને એમનામાં મીઠાશ લાવીશ.'

પેલો શિષ્ય તો દુધનો પ્યાલો લઈ સાધુસમાજ પાસે પાછો આવ્યો ને બધી વાત કહી સંભળાવી. સાધુઓ આ સાંભળી સડક થઈ ગયા. નાનકદેવની નમ્રતા, સમયસુચકતા અને વિવેકબુદ્ધિની અસર એમના પણ ઘણી ભારે થઈ. એમનામાંના કેટલાંક સમજુ પણ હતા. એમને નાનકની મહાનતાનો ખ્યાલ આવ્યો. એમને થયું કે નાનક કોઈ સાધારણ પુરૂષ નથી, અને એમની અવહેલના કરવામાં પોતે ભુલ કરી છે.

પછી તો એ બધા નાનકદેવને મળવા ગયા. નાનકે કહ્યું :

'ભાઈઓ ! સાધુ શીલથી જ સાધુ કહેવાય છે. સરળતા, નમ્રતા ને સેવાવૃત્તિ સાધુપુરૂષની સદાની સહચરી છે, અને ઈશ્વરપ્રેમ એનું ઘરેણું છે. જેના હૃદયમાં સિંધુની પેઠે બધાને સ્થાન છે, તે જ સાધુ છે.'

સાધુઓએ એમને ઘણો આગ્રહ કર્યો, છતાં થોડા દિવસ પછી એ ગામ છોડીને તેઓ ચાલી નીકળ્યા. લોકસંપર્કની ભાવનાથી પરિભ્રમણ કરવામાં એમને અનેરો આનંદ આવતો હતો.

* * * * *

## ૨૫. ગૌતમી અને બુદ્ધ

કપિલવસ્તુનો રાજમહેલ છોડ્યા પછી વનમાં લાગલગાટ સાડા છ વરસ તપ કરી, સિદ્ધાર્થે શાંતિ મેળવી. સિદ્ધાર્થમાંથી બુદ્ધ બન્યા પછી એમણે લોકોને જ્ઞાન અને શાંતિ આપવાનું શરૂ કર્યું. એ હતું એમનું પ્રખ્યાત ધર્મચક્રપ્રવર્તન.

એ દરમિયાન એ જુદી જુદી કોટિના અનેક લોકોના સંસર્ગમાં આવ્યા. રાજા અને રંક, અમીર અને ગરીબ, શિક્ષિત તથા અભણ બધી શ્રેણીના લોકો એમની પાસે, પોતાના દુઃખ-દર્દ દુર કરવા ને શાંતિ મેળવવા આવવા માંડ્યા. એમાં સ્ત્રીઓ પણ હતી.

કિસા ગૌતમી એમાંની એક હતી.

ભગવાન બુદ્ધની ખ્યાતિ સાંભળી એ એમની પાસે આવી બોલી :

‘પ્રભુ ! હું બહુ દુઃખી છું. મારો એકનો એક યુવાન દીકરો મરણ પામ્યો છે. તમે સમર્થ છો, દયાળુ છો, પરોપકારી છો. લોકોના હિત માટે જ તમારું જીવન તથા પ્રવૃત્તિ છે. તો કૃપા કરી મારા પુત્રને જીવતો કરો. મારૂં દુઃખ દુર કરી મને શાંતિ આપો. હું તમારી ઋણી રહીશ.’

બુદ્ધે કહ્યું :

‘તારી વાત ખરેખર કરુણાજનક છે. છતાં તું એક કામ કર. ગામમાં જઈને એક મુઠી રાઈના દાણા લઈ આવ. પરંતુ એ દાણા એવે ઠેકાણેથી લાવજે, જે ઘરમાં આજ સુધી કોઈનું મરણ થયું ન હોય.’

કિસા ગૌતમીને શાંતિ વળી, અને આનંદ થયો.

ગામમાં જઈ ઘેરઘેર ફરી, રાઈના દાણા લઈ આવીને પોતાના પુત્રને સજીવન કરાવવાની એને આશા થઈ. એક ઘેર જઈ એણે પુછ્યું :

‘બેન, તમારે ત્યાં રાઈના દાણા છે ?’

‘છે.’ બેને જવાબ આપ્યો.

‘એક મુઠ્ઠીભર આપશો ? મારે વધારે નથી જોઈતી. મુઠ્ઠીભર જ જોઈએ છે. ભગવાન બુદ્ધની પાસે લઈ જવાના છે.’

‘મુઠ્ઠીભર શા માટે ? જેટલા જોઈએ એટલા લોને.’ બેન દાણા લઈ બહાર આવી.

ગૌતમીએ દાણા લીધા, અને હરખથી ચાલવા માંડ્યું. હવે એનો પુત્ર જરૂર જીવતો થશે એવી શ્રદ્ધા એના દિલમાં જાગી ઉઠી.

પણ ત્યાં તો એને કાંઈક યાદ આવતાં એ તરત પાછી આવી, ને બોલી :

‘બેન ! એક વાત તો પુછવાની રહી જ ગઈ. દાણા તો તમે આપ્યા, પણ તમારા ઘરમાં કોઈનું મરણ તો નથી થયું ને ?’

‘મરણ ? મરણ તો આટલા બધા વખતમાં કોઈનું થયા વિના રહ્યું હશે ? હજુ ગયે વરસે જ મારી મોટી છોકરી મરણ પામી છે.’

'તો પછી તમારા દાણા મારે નહીં ચાલે.' ગૌતમીએ કહ્યું : 'બુદ્ધ ભગવાને દાણા તે ઘરથી જ લાવવાના કહ્યા છે કે જેમાં કોઈનું મરણ ન થયું હોય - આજે કે કાલે, તાજેતરમાં કે થોડા વખત પહેલાં.'

દરેક ઘરમાં કોઈ ને કોઈનું મરણ થયું જ હતું. આખા ગામમાં ફરી વળ્યા છતાં, મરણ વિનાનું કોઈ ઘર એને ન મળ્યું, ત્યારે એ નિરાશ થઈ ભગવાન બુદ્ધ પાસે આવી ને બોલી

'ભગવન ! આખા ગામમાં ફરી વળી, પણ મરણ વિનાનું કોઈ ઘર જ નથી દેખાતું.'

બુદ્ધે કહ્યું : 'બેન, મેં તને એટલા માટે જ મોકલી હતી. સંસારનો પ્રત્યક્ષ અનુભવ કરાવી તારી ખાતરી કરાવવા કે દુનિયામાં જે જન્મે છે તે મરે છે. એ જ ક્રમ છે. એ ક્રમ બધે ચાલી રહ્યો છે. કોઈ અમર નથી. શરીરનો ત્યાગ કરી એક દિવસ સૌએ વિદાય થવાનું છે. તારો પુત્ર પણ એ જ રીતે વિદાય થયો છે. માટે તું એનો શોક કરવાનું છોડી દે. ધારો કે કોઈક ઉપાયથી એને જીવતો કરી દેવામાં આવે તો પણ, એક દિવસ તો એનું મરણ થવાનું; કારણ મરવું એ સંસારનો સ્વાભાવિક ક્રમ છે. માટે વધારે સારું તો એ છે કે મૃત્યુના શોકનો ત્યાગ કરીને તું સંસારની અસારતાને સમજી લે. એટલે મિથ્યા મોહ અથવા તો અજ્ઞાનને લીધે ઉત્પન્ન થયેલો તારો શોક દુર થશે, અને તને શાંતિ વળશે. બીજો કોઈ જ માર્ગ નથી.'

ભગવાન બુદ્ધની વાણી સાંભળીને ગૌતમીનું દુઃખ દુર થયું. એના અંતરમાં જ્ઞાનનો દીપક પ્રજવળી ઉઠ્યો. એ શાંત ચિત્તે ઘેર પાછી વળી.

આજે પણ એ વાણીમાં અનેકના મિથ્યા મોહ ને શોક દુર કરવાની શક્તિ છે. બુદ્ધ અને ગૌતમીને થયે તો વરસો થયાં, પરંતુ એમની આ વાણી હજારો જીવોના જીવનમાં પ્રેરણા ને પ્રકાશ પાથરતી, અમર બનીને ઊભી રહી છે. માનવજાતિનો એ અમર વારસો છે.

* * * * *

## ૨૬. સંક્ષિપ્ત ગાયત્રીમંત્ર

હિમાલયનો પુણ્યપ્રદેશ. એમાં ગંગાના પ્રશાંત તટ પર વસેલું શાંત અને સુંદર સ્થળ હૃષિકેશ. ઈ. સ. ૧૯૪૩ની સાલ.

એ વખતે હૃષિકેશ આટલું બધું આધુનિક તેમજ વસતિવાળું ન હતું. એની અસાધારણ શાંતિ તથા પ્રાકૃતિક સુંદરતાથી મુસાફરો મંત્રમુગ્ધ બની જતા. જો કે આજે એની વસતી વધી છે, ને પ્રતિવર્ષ ભારતના બીજા પ્રદેશોની પેઠે વધતી જાય છે, છતાં લોકોનું આકર્ષણ એવું જ અબાધિત રહ્યું છે. લોકો એની અસાધારણતા જોઈ સ્તબ્ધ બને છે, ને 'શું અવર્ણનીય સૌંદર્ય છે ! શું ઉંડી શાંતિ છે ! જાણે સ્વર્ગ જ જોઈ લો !' એવા આશ્ચર્યજનક ઉદગાર કાઢે છે. એના વિશાળ ત્રિવેણીઘાટ, શાંત સમાધિ ધરીને ઉભા રહેલા માયાકુંડ, પ્રવાસીના શબ્દોના પ્રતિધ્વની પાડનારી વસુધારા, કાલી કમળીવાળાની સાધુસેવાનું વ્રત લઈને શરૂ થયેલી સંસ્થા સ્વર્ગાશ્રમ, ને લક્ષ્મણઝુલાનું નિરીક્ષણ કરીને આશ્ચર્ય અને આનંદમાં ગરકાવ બનેલો પ્રવાસી, એ પુણ્યપ્રદેશના પ્રવાસનું સદભાગ્ય સાંપડવા બદલ, પોતાની જાતને ધન્ય ને કૃતકૃત્ય માને છે અને ઘડી-બે ઘડી પરમાત્માની પરમ રહસ્યમયી લીલાનું સ્મરણ કરતો થઈ જાય છે.

જેણે એ પુણ્યપ્રદેશનો પ્રવાસ કર્યો હશે, તેને એની અજબ સંમોહનશક્તિનું સ્મરણ હશે જ.

એ પ્રશાંત પ્રદેશના મારા નિવાસ દરમ્યાન એક ઉચ્ચ કોટિના મહાત્મા પુરૂષે મને રોજના હજાર ગાયત્રી મંત્રના જપ કરવાની સુચના કરી. અમુક સંખ્યાના જપ કરવાથી માનસિક શાંતિ પ્રાપ્ત થશે એવું એમનું કહેવું હતું. એ દિવસોમાં મારે માનસિક શાંતિ તથા આત્મવિકાસના આગળના માર્ગદર્શનની આવશ્યકતા હતી, એટલે મહાત્મા પુરૂષની સુચનાને મેં સપ્રેમ વધાવી લીધી.

શ્રદ્ધા, ઉત્સાહ ને ભક્તિભાવથી પ્રેરાઈને થોડા વખતમાં જ મેં ગાયત્રીના જપ શરૂ કર્યા.

શાસ્ત્રોમાં ગાયત્રી વિશે તો ઘણુંઘણું કહેવામાં આવ્યું છે. એની જપવિધિ પણ બતાવવામાં આવી છે. જેને ગાયત્રીનું પુરશ્ચરણ કરવું હોય તેને માટે પથપ્રદર્શન પણ પુરું પાડવામાં આવ્યું છે. રોજના હજાર ગાયત્રીજપ કરનારના જીવનમાર્ગમાંથી મોટામાં મોટી મુશ્કેલીઓ પણ દુર થાય છે, અને એનો માર્ગ સરળ બની જાય છે, તથા એને સર્વ પ્રકારે સુખ, શાંતિ ને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે, એવી અનુભવવાણી પણ ઉચ્ચારવામાં આવી છે. એનું પ્રયોજન સાધકોના દિલમાં પ્રેમ ને શ્રદ્ધાની અભિવૃદ્ધિ કરવાનું હોય છે. પરંતુ મને તો એ મંત્રના જપથી લાભ જ થયો. ત્રણેક મહિનામાં તો હું એની અસર અનુભવી શક્યો. મને શાંતિ મળી, પ્રકાશ જડ્યો અને આગળનો મારો સાધનામાર્ગ ખુલ્લો થયો. મારા અંતરમાં આનંદ ફરી વળ્યો.

છતાં મને એટલું તો લાગ્યું જ કે ગાયત્રીમંત્ર પ્રમાણમાં વધારે લાંબો છે, ને જપનારની ધીરજની કસોટી કરે એવો છે. મને થયું - કોઈ ટુંકો મંત્ર કેવી રીતે મળે ? પહેલાંના ઋષિઓ મંત્રદૃષ્ટા કહેવાતા; કારણ તેમને પરમાત્માની કૃપાથી સમાધિમાં મંત્રોનું દર્શન થતું. એ કાળ તો ચાલ્યો ગયો. હવે કાંઈ એવું બની શકે ? એવા ઋષિ અને એવા લોકોત્તર અનુભવો કાંઈ આ જમાનામાં હોય ?

એવો વિચાર કરી રહ્યો હતો ત્યાં તો એક ધન્ય દિવસે એક વિલક્ષણ અનુભવ થયો.

સમાધિની અલૌકિક અવસ્થામાં મને કોઈ સિદ્ધપુરૂષોની મંડળી દેખાઈ. સિદ્ધપુરુષોમાંના કેટલાકના હાથમાં ઢોલક ને કરતાલ તથા મંજીરા હતાં. તે બધા ચૈતન્ય મહાપ્રભુની જેમ સમુહનૃત્ય કરતા ધીરેધીરે આગળ આવ્યા, ને સંવાદી સુધામય સ્વરમાં ગાવા માંડ્યા. એમનો સ્વર અત્યંત આહ્લાદક, મધુર ને સ્પષ્ટ હતો :

ૐ ભુભુર્વઃ સ્વઃ

ભર્ગો દેવસ્ય ધીમહિ ધીયોયોનઃ ।

ૐ ભુભુર્વઃ સ્વઃ

ભર્ગો દેવસ્ય ધીમહિ ધીયોયોનઃ ।

એ રીતે અવિરામ રીતે, એ ઉપરાઉપરી ગાયે જતા હતા. એમનું સંગીત સાંભળી કાન અમૃતમય બન્યા, જીવન ધન્ય થયું.

લગભગ વીસથી પચીસ મિનિટ એ અનુભવ ચાલુ રહ્યો. પછી મારી સમાધિ દશાનોય અંત આવ્યો, મને ભાન આવ્યું. હંમેશના નિયમ મુજબ મેં એ અનુભવ નોંધપોથીમાં લખી લીધો.

એ સંક્ષિપ્ત ગાયત્રીમંત્રના જપ એ પછી મેં અનેકવાર કર્યા છે. એથી મને લાભ પણ થયો છે, કોઈ પ્રકારનું નુકશાન તો નથી થયું.

વૈદિક કાળના પ્રાતઃસ્મરણીય ઋષિવરોને અતિન્દ્રીય અવસ્થામાં જે અવનવા મંત્રો મળતા, તે આવી રીતે મળતા હશે તેની મને ખાતરી થઈ. એ મંત્રોની પ્રાપ્તિ કે ઉપલબ્ધિના બીજા પણ કેટલાક પ્રકાર છે, એવું અનુભવના અંતે જણાયું છે, પરંતુ આ પણ એક પ્રકાર છે એ ચોક્કસ છે.

એ સિદ્ધપુરૂષો કોણ હશે તે તો ઈશ્વર જાણે; પરંતુ એમણે મને દર્શન દઈ એક અવિસ્મરણીય, અમુલખ વસ્તુની ભેટ આપી એ માટે એમનો આભારી છું.

જેમની પણ ઈચ્છા હોય તે આ સંક્ષિપ્ત ગાયત્રીમંત્રનો લાભ લઈ મદદ મેળવી શકે છે. આ સ્વાનુભવ પ્રસંગના રહસ્યોદઘાટન પાછળનો હેતુ છે - બીજાને મદદરૂપ થવાનો.

* * * * *

## ૨૭. વિભીષણ ને રામ

વિભીષણ રહેતો હતો લંકામાં, પણ એનું મન શ્રીરામના ચરણોમાં રમતું હતું. લંકા રાક્ષસોની નગરી હતી, અને ત્યાંની પ્રજામાં તમોગુણ સિવાય બીજું કાંઈ ન હતું. છતાં એવા ઘોર તમોગુણ વચ્ચે પણ, વિભીષણે પોતાના સત્વગુણને સાચવી રાખ્યો હતો. લંકા જેવી નગરીમાં વિભીષણ જેવા ભક્તનો વાસ એક મોટું આશ્ચર્ય હતું. હનુમાનજી પહેલી વાર વિભીષણને મળ્યા, ત્યારે એમણે એ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

એવા વિભીષણને સીતાનું હરણ કેવી રીતે ગમે ? રાવણને એણે ઘણો સમજાવ્યો - સીતાને છોડી દેવા ને રામનું શરણ લેવા. પરંતુ રાવણ એકનો બે ન થયો. રાવણ પોતે પણ ક્યાં ઓછું સમજતો હતો ? એ તો પંડિત હતો - પરંતુ એની આંખ આગળ પડદો હોવાથી એ અધર્મ કરી રહ્યો હતો. વિભીષણે રાજસભામાં એને સાચી સલાહ આપી. પણ એ સલાહ એને કડવી લાગી. એથી એ ભારે ક્રોધાયમાન થઈ ગયો. ક્રોધમાં એણે વિભીષણને લાત મારીને કહ્યું :

‘મારું ખાઈ મને વગોવે છે ? મારે લીધે તો તારું જીવન ટકી રહ્યું છે, ને તું મને જ સલાહ આપે છે ? તને શરમ નથી આવતી ? રામ પર તને આટલો બધો પ્રેમ હોય તો તું રામનું જ શરણ લે. મને હવે ભુલેચુકેય તારું મોઢું ન બતાવતો.’

વિભીષણને એ શબ્દો બાણ જેવા વાગ્યા. સભામાંથી એ બહાર નીકળી ગયો. એણે નિશ્ચય કર્યો : ‘હવે તો શ્રીરામનું જ શરણ લેવું. શ્રીરામની પાસે જવાથી જ શાંતિ મળશે.’ અને એ ચાલી નીકળ્યો.

રામચંદ્રજીના દર્શનથી એને અત્યંત આનંદ થયો. જન્મોજન્મના દરિદ્રીને જેમ પારસમણી મળતાં એ બડભાગી બની જાય, તેમ ભગવાન શ્રીરામનાં દર્શનથી એ બડભાગી બની નાચી ઉઠ્યો. એનું હૃદય બોલી ઉઠ્યું :

‘કુટુંબ તજી શરણ રામ તેરી આયો.
તજી ગઢ લંકા મહલ ઔર મંદિર, નામ સુનત ઉઠ ધાયો;
કુટુંબ તજી શરણ રામ તેરી આયો.’

શ્રીરામના ચરણમાં એણે મસ્તક મુક્યું ત્યારે એને કેટલી બધી શાંતિ મળી ? એને સ્વર્ગસુખ મળ્યું. આંખમાં આંસુ ભરીને એ ભગવાન શ્રીરામ સામે જોઈ રહ્યો. રામચંદ્રજીએ સ્મિત કરી એના શરીર પર હાથ મુક્યો. સામેના સાગરનું પાણી મંગાવ્યું ને વિભીષણને કપાળે તિલક કરી કહ્યું :

‘તને આજે મેં લંકેશ કર્યો. લંકાનું રાજ્ય મેં તને આજે અર્પણ કર્યું.’

રામની વાણી સાંભળી બધા ખડખડાટ હસી પડ્યા.

‘પ્રભુ ! હજુ તો રાવણને જીતવાનો બાકી છે. લંકા પર તો હજુ રાવણનું રાજ્ય ચાલે છે અને તમે તો વિભીષણને લંકેશ કહો છો, તો તે લંકેશ કેવી રીતે બનશે ? રાવણનો નાશ નહીં થાય તો ? તો તમારાં વચન મિથ્યા નહીં થાય ?’

રામચંદ્રજીએ સ્મિત કરી કહ્યું :

'રાવણનો નાશ નહીં થાય તેવી શંકા કરવાની જરૂર નથી. એનો નાશ તો નક્કી છે. છતાં ધારો કે એનો નાશ નહીં થાય તો પણ વનવાસ પુરો થશે એટલે મને અયોધ્યાનું રાજ્ય મળવાનું છે ને ? એ રાજ્ય હું વિભીષણને આપી દઈશ - પરંતુ વિભીષણને રાજા જરૂર બનાવીશ. મારા સંકલ્પમાં કોઈ જાતનો ફેરફાર નહીં જ થાય.'

રામચંદ્રજીની ઉદારતા જોઈને બધાને આનંદ થયો. કેટલી ઉદારતા તથા શરણાગતવત્સલતા ?

એ વાતને આજે વરસો વીતી ગયાં છે. પરંતુ આજે પણ એની સ્મૃતિ કાયમ છે. માનવ-મનને એ આખોયે પ્રસંગ પ્રેરણા આપે છે કે હે માનવ ! તું રાવણને છોડી રામનું શરણ લે. આસુરી સંપત્તિનો ત્યાગ કરી દૈવી સંપત્તિનો સ્વામી બન. અનીતિ, અધર્મ અને અનાચારનો ત્યાગ કરી જીવનને સદાચારની સૌરભથી મહેકતું કરી દે. અસત્યનો નહીં, પણ સત્યનો આધાર લે. દાનવનો નહીં, દેવતાનો સાથી બની જા. એમ કરવાથી તારું જીવન સુખી બની જશે, શાંતિમય થઈ જશે ને મંગલમય બની રહેશે. પરમાત્માનું શરણ, પરમાત્માની પ્રસન્નતા માટેનો પુરૂષાર્થ, ને પરમાત્મા પ્રાપ્ત થતાં લંકા, અયોધ્યા કે કોઈ બહારના રાજ્યોનો નહીં, પણ તારી પોતાની અંદરના રાજ્યનો તું અધિષ્ઠાતા બની જઈશ, ને જીવનને કૃતાર્થ કરીશ. રામાયણયુગનો એ સંદેશ આજે પણ એવો જ અજર અને અમર છે.

* * * * *

## ૨૮. લક્ષ્મણની પવિત્રતા

વાલ્મિકી રામાયણનો પ્રસંગ છે. પ્રસંગ બહુ મોટો નથી, પણ ભારતીય સંસ્કૃતિનાં બહુ મોટાં મુલ્યોથી ભરેલો છે.

વનવાસનાં વરસો દરમ્યાન પંચવટીમાંથી રાવણે સીતાનું હરણ કર્યું. રામ સુવર્ણમૃગના રૂપમાં રહેલા મારીચનો વધ કરી પંચવટીમાં લક્ષ્મણ સાથે પાછા આવ્યા ત્યારે આશ્રમને એમણે સુનો જોયો. એમનું હૃદય રડી ઉઠ્યું. હા સીતા ! હા સીતા ! કરતા એ લગભગ મુર્છિત જેવા થઈ શોક કરવા લાગ્યા. સીતા ક્યાં ગઈ હશે એની એમને ચિંતા થવા લાગી. વનમાં રહેનારા કોઈ રાક્ષસો એને ઉઠાવી ગયા હશે, એવી આશંકા એમને થઈ રહી.

સીતા વિનાનો આશ્રમ એમને ખાવા ધાવા લાગ્યો. એ આશ્રમમાં રહેવાનું એમને માટે મુશ્કેલ હતું. છેવટે એ લક્ષ્મણ સાથે સીતાની શોધમાં નીકળી પડ્યા.

વનના માર્ગો ત્યારે ઘણાં ભયંકર હતા. જંગલી જનાવરો અને રાક્ષસોથી ભરેલા એ માર્ગો પરથી પસાર થવાનું કામ કાંઈ સહેલું ન હતું. છતાં વનમાં રહેવા ટેવાયેલા રામ ને લક્ષ્મણ વનમાં આગળ વધવા માંડ્યા. રસ્તામાં કોઈ મુનિના આશ્રમ આવતા, તો એ ઘડી-બે ઘડી આરામ કરતા, ને સીતાની માહિતી મેળવવાનો પ્રયાસ કરતા. પરંતુ સીતાની સાચી માહિતી કોઈ ન આપી શકતું એટલે એમનું દુઃખ વધી જતું. રામની દશા અત્યંત કરુણ હતી. એમનાં નેત્રોમાંથી આંસુ ટપક્યે જતાં. લક્ષ્મણથી એમનું આક્રંદ અથવા તો વિરહદુઃખ જોયું નહોતું જતું. લક્ષ્મણને પોતાને પણ દુઃખ થતું. પરંતુ કરવું શું ? એના હાથની વાત થોડી જ હતી ? એના હાથમાં હોત તો આકાશ અને પાતાળ ફોડીને પણ એ સીતાને લઈ આવત, ને રામને સુપરત કરત. પરંતુ બાજી એના હાથની બહાર હતી.

રસ્તામાં જટાયુ મળ્યો. એની વાત પરથી શ્રીરામે જાણ્યું કે લંકાનો રાજા રાવણ સીતાને હરી ગયો છે. જટાયુ રાવણ સાથેના યુદ્ધમાં ઘવાયો હતો અને રામને આટલા સમાચાર આપવા જીવતો રહ્યો હતો. રામની કૃપાથી એને શાંતિ મળી અને એની સદગતિ થઈ. પછી શ્રીરામ આગળ વધ્યા. થોડા દિવસ પછી એક પ્રસંગ બન્યો.

વિરહમાં ડુબેલા રામે રસ્તામાં એક ઘરેણું જોયું. રાવણના હાથમાં પડેલી અસહાય સીતાએ વિમાનમાંથી એના કુંડલને નીચે નાખી દીધું હતું. એવી આશાએ, કે કોઈવાર એના પર શ્રીરામની નજર પડશે ને પોતે કયી દિશામાં ગઈ છે તેનું એમને જ્ઞાન થશે.

કુંડલને જોઈ શ્રીરામ ગળગળા થઈ ગયા. આ કુંડલ સીતાનું તો નહીં હોય ? સીતાના શરીર અને એની પરનાં ઘરેણાંને ધારીધારીને નિરખ્યે એમને કેટલો બધો વખત થયો હશે ? એટલે કુંડલને એ સહેલાઈથી ઓળખી શક્યા નહીં.

‘લક્ષ્મણ ! ભાઈ જરા જો તો ખરો કે આ કુંડલ કોનું છે ? સીતાનું છે કે નહીં ? વનમાં તું આટલો બધો વખત સાથે રહ્યો છે એટલે સીતાના કુંડલને અવશ્ય ઓળખતો હોઈશ.’

એટલું કહીને કુંડલ એમણે લક્ષ્મણના હાથમાં મુકી દીધું.

પરંતુ લક્ષ્મણે તરત કહ્યું : 'રામ, હું સીતાના કુંડલને નથી ઓળખતો. ફકત સીતાના ઝાંઝરને ઓળખી શકું છું - કેમ કે મને એમના ચરણમાં પ્રણામ કરવાની ટેવ છે.'

લક્ષ્મણના ઉત્તરથી રામને કેટલો બધો આનંદ થયો, તે તો કોણ કહી શકે ? પરંતુ આપણને તો આનંદ થાય છે જ. વાલ્મિકી રામાયણના જે કેટલાક મહત્વના પ્રસંગો છે, તેમાં આ પ્રસંગ અતિ મહત્વનો છે. એનું આગવું સ્થાન છે. આ પ્રસંગ લક્ષ્મણની પવિત્રતાના પ્રતીક જેવો છે. લક્ષ્મણે ઘરમાં ને બહાર, મહેલમાં અને વનવાસમાં, વરસો દરમ્યાન, જે અણીશુદ્ધ સંયમનું પાલન કર્યું હતું, તેનો આ દસ્તાવેજી પુરાવો છે. આજના ઘોર વિલાસી યુગમાં લક્ષ્મણની આ બધી વાણી કોઈને વેવલાપણામાં ખપાવવા જેવી લાગતી હશે, પરંતુ જે સંસ્કૃતિએ 'પરસ્ત્રી માત સમાન'નો ઉપદેશ આપ્યો છે, એ સંસ્કૃતિના બે મહત્વના પાત્રોમાંથી એક પાત્રની આ વાણી છે, એ યાદ રાખવાનું છે. જીવનને શુદ્ધ બનાવવાની આજે પણ એનામાં શક્તિ છે. ભારતીય પ્રજાના દિલમાં હજુ પણ એ વાણી ગુંજી રહી છે. એ વાણીથી ચકિત થતી ભારતની પ્રજા એના તરફ આજે પણ ગૌરવથી જુએ છે. આવી ભાવનાઓથી ભરપુર હોવાથી જ ભારતના શાસ્ત્રો પરદેશીઓને પણ આજે મુગ્ધ કરે છે. એ ભાવનાઓને આપણે સમજીએ, ને જીવનમાં ઉતારીએ તે જરૂરી છે. તો જ આપણે વ્યક્તિ તેમજ સમષ્ટિ તરીકે સુદૃઢ બની શકીશું. આખરે તો કોઈપણ પ્રજાને મજબુત ને સુખી થવા માટે ભૌતિક કરતાં નૈતિક મુલ્યોની જાળવણીની જરૂર જ વધારે હોય છે, એ યાદ રાખવાનું છે.

* * * * *

## ૨૯. ચમત્કારિક પથ્થર

ઈ. સ. ૧૯૫૬ની વાત છે. મુંબઈથી એક ભાઈ મારી પાસે થોડો વખત શાંતિથી રહેવા ઋષિકેશ આવ્યા હતા. તેમની ઈચ્છા, પહેલાં હું રહેતો હતો તે સ્થાન દેવપ્રયાગ જોવાની થઈ. દેવપ્રયાગમાં હું લગભગ સાત વરસ સુધી ગામની બહાર જંગલમાં રહ્યો હતો. એક ભાઈએ પોતાની જ જમીનમાં ત્યાં મારે માટે નાની સરખી ઓરડી બંધાવી હતી. પાસે પાણીનું ઝરણું અને નાની નદી હોવાથી એ સ્થાન મને ઘણું ગમી ગયું હતું. પાંચ વરસ સુધી હું ત્યાં એકલો જ રહ્યો, ને પછીનાં બે વરસ માતાજી સાથે રહ્યો.

બદરીનાથને રસ્તે આવતા દેવપ્રયાગનો એ આશ્રમ તો હવે પડી ગયો હતો. એનું નામનિશાન પણ રહ્યું ન હતું, છતાં એ ભાઈને આશ્રમની એ જગ્યા જોવાની ઈચ્છા થઈ, એટલે અમે દેવપ્રયાગ આવ્યા. ગામમાં એક ઓળખીતા ભાઈને ત્યાં ઉતારો કરીને, બપોરે અમે આશ્રમની એ જગ્યા જોવા ગયા. પર્વતીય પગદંડી પરથી ખુબ જ સાવધાનીપુર્વક પસાર થતા છેવટે અમે એ જગા પર આવી પહોંચ્યા. એ જ ઝરણું, નીચે ખીણમાં શાંતા નામની એ જ નાનકડી નદી, એ જ વન, એ જ આકાશને અડવા મથતા ઉંચા ઉંચા પર્વતો, ને આંબાનું ઝાડ. ફકત એની નીચે પેલી ઓરડી ન હતી.

'આ અમારી જગ્યા.' મેં પેલા ભાઈને કહ્યું : 'આ નદી અને આ ઝરણું.'

'અત્યંત એકાંત અને ભયંકર જગ્યા છે. આવી જગ્યામાં તમે આટલાં બધાં વરસ કેવી રીતે રહી શક્યા અને એ પણ ઉગતી યુવાનીમાં ?' એ ભાઈએ પુછ્યું. જગ્યા જોઈને એમને ભારે નવાઈ લાગી.

મેં કહ્યું : 'પ્રભુકૃપાની વાત છે. એની કૃપા હોય તો જ આવા એકાંત સ્થાનોમાં રહી શકાય. એ જે ધારે તે કરે છે ને કરાવે છે.'

એટલીવારમાં તો તેમની નજર પર્વતની થોડેક ઉપર અટકી રહેલા લગભગ સો મણના એક મોટા પથ્થર પર પડી.

'આ શું છે ?' તેમણે પુછ્યું. 'આ પત્થર અહીં કોઈપણ જાતના આધાર વિના કેવી રીતે અટકી રહ્યો છે ?'

મેં કહ્યું : 'એને કોઈ સાધારણ પથ્થર ન સમજશો. એ પથ્થર નથી, પરમાત્માની કૃપાનું પ્રતિક છે. અથવા કહો કે પરમાત્માની કૃપાનો મુંગો સાક્ષી છે.'

'તે કેવી રીતે ?'

ઝરણાં પાસે બેસી મેં એમને કહ્યું : 'એનો ખુલાસો તો માતાજી પણ આપી શકે તેમ છે. છતાં હું જ આપું. સાતમે વરસે અમે અહીં રહ્યા હતા ત્યારે વરસાદનું ભયંકર તોફાન થયું. એ તોફાનને લીધે આ પથ્થરવાળા પર્વત પર એક પાણીનો ઢાળીયો છે તે તુટી પડયો. પછી તો પુછવું જ શું ? બેત્રણ ઠેકાણેથી તુટેલો એ ઢાળીયો અમારી ઓરડીની બેઉ બાજુથી વહેવા માંડ્યો. ઢાળીયા નીચે કાચો પર્વત હતો, એટલે એ પર્વતની માટી ને પર્વતના મોટા મોટા પથ્થર પાણી સાથે નીચે પડવા લાગ્યા. પર્વતોમાં બાંધેલા મકાનો પાયા વિનાનાં જ હોય છે. અમારી ઓરડી પણ એવી જ હતી. એક જ મોટો પથ્થર એ ઓરડી પર પડે તો આખી ઓરડી ધરાશયી થઈ જાય, સામેની ખીણમાં પડી જાય, અને અમે બેઉ પણ કાયમને માટે શાંત થઈ

જઈએ એવું હતું. વધારે ભાગે રાતે જ વરસાદ પડતો ને તોફાન પણ રાતે જ વધારે થતું. એ વખતે શાંતિ ધારણ કરી અમે ઈશ્વરનું સ્મરણ કરી બેસી રહેતાં.'

'ઈશ્વરનું સ્મરણ ? એવે વખતે ઈશ્વરનું સ્મરણ થાય જ કેવી રીતે ? અને શાંતિ પણ કેવી રીતે રહે ?' એ ભાઈએ પુછ્યું.

'શાંતિ રાખવી જ પડે.' મેં કહ્યું : 'શાંતિ રાખીને ઈશ્વરનું સ્મરણ કર્યા વિના બીજો ઉપાય શું ? તોફાનથી આવવા-જવાના રસ્તા કપાઈ ગયેલા. આશ્રમ ખાલી કરી અમે જઈએ પણ ક્યાં ? ઈશ્વર બધું સારું કરશે એ વિશ્વાસથી અમે આશ્રમમાં બેસી રહ્યાં. ચોથે દિવસે વરસાદ બંધ થયો ત્યારે અમે ઓરડીમાંથી બહાર નીકળ્યાં, તો અમારી નજર ઓરડીની થોડેક ઉપર અને તદ્દન પાછળ, માટીમાં ભરાઈ રહેલા આ પથ્થર પર પડી. લગભગ સો મણનો પથ્થર. આ પથ્થર પર્વતમાં અટકી રહ્યો ન હોત તો ....? એ વસ્તુની કલ્પનાય કરી શકાય તેમ ન હતી. એને જોઈ અમારા પર ઈશ્વરે કરેલી અજબ કૃપાનો અમને ખ્યાલ આવ્યો. એ પછી થોડા દિવસમાં અમે આશ્રમ છોડી બીજે રહેવા ગયા.'

'ધન્ય છે તમારી શ્રદ્ધાને, ને ધન્ય છે ઈશ્વરની કૃપા અને એના પ્રતીકરૂપ આ પથ્થરને ! આશ્રમની આ જગ્યા તો યાત્રાના ધામ જેવી છે - પરંતુ આ પથ્થરનો મહિમા પણ કાંઈ ઓછો નથી. એ પણ ભારે પવિત્ર ને યાદગાર છે.' પેલા ભાઈએ કહ્યું.

અને લાંબા વખત લગી ત્યાં બેસી, એ પથ્થરને અનેક વાર અત્યંત ભાવપુર્વક જોઈને, છેવટે અમે ગામમાં પાછા ફર્યા.

* * * * *

## ૩૦. ધરમપુરના મહાત્મા

વાત ઈ. સ. ૧૯૪૬ની છે, છતાં આજે પણ એટલી જ તાજી લાગે એવી છે.

તે દિવસોમાં હું સીમલા હીલ્સમાં આવેલા ધરમપુરમાં રહેતો. એક શેઠને ત્યાં મારો ઉતારો. તે શેઠ ક્ષયરોગથી પીડાતા અને એથી જ ધરમપુરના ટી. બી. સેનેટોરિયમમાં દાખલ થયા હતા. તેમણે ધરમપુરથી થોડે દુર ચેલમાં રહેતા એક મહાત્મા વિશે સાંભળ્યુ, એટલે એમનાં આશીર્વાદ લેવાની એમને ઈચ્છા થઈ. પોતાના રસોઈયાને તેમણે ચેલના મહાત્મા પાસે જવા તૈયાર કર્યો. રસોઈયો એ પ્રદેશનો ભોમિયો હતો. એની સાથે જવા માટે શેઠે મને પણ આગ્રહ કર્યો, એટલે હું પણ ચેલની મુસાફરી કરવા તૈયાર થયો. ધરમપુરથી કંડાઘાટ સુધી રેલ્વે, ને કંટાઘાટથી ચેલ સુધી મોટર, તથા ચેલથી પાછું ચારેક માઈલ પગરસ્તે ચાલીને એક પર્વતીય ગામમાં જઈએ ત્યારે એ મહાત્મા પાસે પહોંચી શકાય.

જરૂરી તૈયારી કરી અમે બંને સ્ટેશને ગયા. ધરમપુરનું સ્ટેશન સાવ નાનું હતું. વહેલી સવારનો ટાઈમ એટલે માણસો સારી સંખ્યામાં હતા. પ્લેટફોર્મ આખું માણસોથી ભરાઈ ગયું હતું. ટ્રેન આવવાને થોડો જ વખત બાકી હતો, એટલે અમે એક ઠેકાણે ઉભા રહ્યા. ત્યાં તો મારી નજર પ્લેટફોર્મના બીજા છેડા પર પડી. ત્યાં એક ભગવાં વસ્ત્રધારી સાધુ સીગારેટ પીતાંપીતાં તથા ગાંડાની જેમ બકવાદ કરતા, આમથી તેમ આંટા મારતો હતો. માથે મુંડન હતું. મારી પાસે ઉભેલા રસોઈયાનું ધ્યાન મેં એની તરફ ખેંચ્યું તો એણે કહ્યું : ‘મહારાજ, વહ તો સી. આઈ. ડી. કા આદમી હય. ઉસે સાધુ નહિ માનના. વૈસે સ્વાંગધારી સાધુ તો આજકલ બહુત ફિરતે હૈ.’

લોકો પણ એ સાધુ તરફ કાંઈ વિસ્મય ને કાંઈક તિરસ્કારની નજરે જોતા હતા.

એટલીવારમાં તો ટ્રેન આવી પહોંચી. લોકો બધા દોડાદોડ કરવા લાગ્યા. સ્ટેશન નાનું ને ટ્રેન થોડો વખત જ ઉભી રહે, એટલે જગ્યા માટે પડાપડી થવા લાગી. જગ્યા મળવી મુશ્કેલ હતી તો પણ અમે જેમતેમ કરીને ડબામાં ગોઠવાઈ ગયા. બેસવાની જગ્યા ન મળી તેથી અમે બારી પાસે જ ઉભા રહ્યા.

એ જ વખતે પેલો ભગવાધારી સાધુ અમારા ડબા આગળ ઝડપથી ચાલતો આવી પહોંચ્યો. બારી આગળ આવીને એણે સીગારેટ નીચે ફેંકી દીધી. ઝભ્ભાના ખીસ્સામાંથી રૂમાલ કાઢી મોં સાફ કર્યું અને પછી લાંબા વખતથી મને ઓળખતો હોય તેમ, મોં મલકાવીને કહ્યું :

‘ક્યોં, કહાં જાતે હો ?’

મને થયું કે પ્લેટફોર્મ પર ફરતી વખતે આ સાધુ કેટલો બધો ગાંડા જેવો દેખાતો હતો, ને અત્યારે કેવો ડાહ્યો દેખાય છે ? પરંતુ એને જવાબ આપવો શું બરાબર છે ? એક અજાણ્યા માણસ સાથે વાત કરવાથી શું ફાયદો ?

પરંતુ મારા પ્રત્યુત્તરની પરવા ન હોય એમ એ કહેવા માંડ્યો :

‘મૈં જાનતા હું કિ તુમ ચેલ જાતે હો. વહાં ક્યા રક્ખા હૈ ? ઠીક હૈ, સાધુ હૈ. લેકિન ઈતના આગે બઢા હુઆ નહિ. વહાં જાને સે કુછ ભી નહિ મિલેગા. વહ તુમ્હે કુછ ભી નહીં દે સકતા. ઉસસે તો તુમ દેવપ્રયાગ

જાઓ. દેવપ્રયાગ કે તુમ્હારે આશ્રમમેં. વહાં રહકર સાધના કરો. તુમ્હેં શાંતિ મિલેગી, ઔર જો ચાહોગે સો તુમ્હારે અંદરસે હી પ્રાપ્ત હોગા. સમજે બાબા ? મેરા માનો તો દેવપ્રયાગ હી જાઓ.'

એ વૃદ્ધ સાધુનાં વચન સાંભળીને હું તો આશ્ચર્ય પામી ગયો. કેવો અસાધારણ સાધુ ? અમે ચેલ જઈએ છીએ એ ખબર એને ક્યાંથી પડી ? એ તો ઠીક, પણ હું દેવપ્રયાગ રહું છું ને ત્યાં મારો આશ્રમ છે, એ વાત પણ એણે ક્યાંથી જાણી ? ગજબની વાત છે. રસોઈયો પણ બધું સાંભળીને આશ્ચર્યચકિત બની ગયો. મને થયું કે આપણે ચેલના મહાત્મા પાસે જઈએ છીએ, પરંતુ આપણી સામે જ, આ પ્લેટફોર્મ પર, એક ઉત્તમ કોટીના મહાત્મા પુરૂષ ઉભા રહ્યા છે. એમનો લાભ લઈએ તો જીવન ધન્ય બની જાય. આવા મહાત્મા પુરૂષ જ્યારે ત્યારે ને જેને તેને નથી મળતા. અરે, એમની સંખ્યા જ કેટલી બધી ઓછી હોય છે ?

પરંતુ ત્યાં તો ટ્રેન ઉપડી. સાધુપુરૂષે મારી સામે જોઈ સ્મિત કરીને કહ્યું : 'અચ્છા, ફિર આના.'

ચેલથી પાછા ફર્યા બાદ રસોઈયાએ ઘણી તપાસ કરી. પરંતુ એ વૃદ્ધ સાધુપુરૂષ ન મળ્યા. આવા લોકોત્તર શક્તિવાળા સાધુને પોતે સી. આઈ. ડી. માન્યા તે બદલ એને અફસોસ થયો. પણ હવે શું થાય ? કહ્યું છે ને - 'ગઈ પળ પાછી ન આવે, મુરખ, મુઢ, ગમાર.'

ભારતમાં લોકો સહેલાઈથી ઓળખી ન શકે એવા ગુપ્તરૂપમાં, આવા કેટકેટલા મહાપુરૂષો, ચીંથરેબાંધ્યા રતનની જેમ રહેતા હશે ? તેની ચોક્કસ માહિતી પણ કોણ આપી શકે તેમ છે ? કોઈક ધન્ય ક્ષણે તેમનાં દર્શન કે સત્સંગનો લાભ મળી જાય છે ત્યારે, હૃદય નાચી ને બોલી ઉઠે છે : 'જડવાદ તરફ ઢળતા જતા આવા ઘોર કાળમાં પણ આ દેશમાં આવા શક્તિશાળી મહાપુરૂષો જીવે છે ખરા. ધન્ય છે ભારતની આધ્યાત્મિકતાને ! આવા પુરૂષો આ દેશમાં પ્રકટ થાય છે ત્યાં સુધી દેશનું અને આખી દુનિયાનું ભાવિ ઉજળું છે.'

*　*　*　*　*

## ૩૧. પ્રહ્લાદના સંસ્કાર

ભાગવતનો પ્રસંગ છે. પ્રહ્લાદનું મન નાની અવસ્થાથી જ ઈશ્વરમાં લાગેલું જોઈને એના સમવયસ્ક વિદ્યાર્થીઓને વિસ્મય થયું. કોઈને નહીં ને પ્રહ્લાદને જ પરમાત્મા પ્રત્યેનો આટલો પ્રેમ શાથી થયો ? આટલી નાની વયમાં આવું જ્ઞાન ક્યાંથી ને કેવી રીતે આવ્યું ? સંશયનું નિવારણ કરવા એ બધા પ્રહ્લાદ પાસે ગયા. પ્રહ્લાદે કહ્યું : 'ભાઈઓ, મારામાં જે પરમાત્માનો પ્રેમ છે તે સત્સંગના પરિણામરૂપે છે. સંતસમાગમ ખરે જ દુર્લભ છે. મને તેનો લાભ મળ્યો છે. મારામાં જે જ્ઞાન દેખાય છે તે તેનું ફળ છે.'

ત્યારે તો વિદ્યાર્થીઓને વધારે વિસ્મય થયું. તેમને થયું - પ્રહ્લાદને વળી સંતસમાગમનો લાભ ક્યારે મળ્યો ? એ તો આપણી સાથે જ ફરે છે.

વિદ્યાર્થીઓની શંકા સાંભળી પ્રહ્લાદે સ્પષ્ટીકરણ કર્યું : 'ભાઈઓ, હું સાચું જ કહું છું. જુઓ. મારા જીવનમાં વીતેલા વરસોનો ઇતિહાસ તમને કહી સંભળાવું. મારા પિતા હિરણ્યકશિપુ તપશ્ચર્યા કરવા ગયા ત્યારે દેવતાઓએ દૈત્યો પર હુમલો કર્યો. બન્ને વચ્ચે લડાઈ ફાટી નીકળી. એ વખતે ઈન્દ્ર વિજયી બની મારી માતાનું હરણ કરી ચાલી નીકળ્યો. મારી માતા તે વખતે ગર્ભવતી હતી.

રસ્તામાં એને નારદ મળ્યા. નારદે કહ્યું : 'ઈન્દ્ર ! જરા વિચાર તો કર કે તું કેવું અધમ કામ કરી રહ્યો છે ?'

ઈન્દ્રે કહ્યું : 'આ સ્ત્રીના પેટમાં ગર્ભ છે, માટે હું તેનું હરણ કરી જાઉં છું.'

ત્યારે નારદજી બોલ્યા : 'એ ગર્ભ કોઈ સાધારણ જીવનો નથી, પરંતુ ભગવાનના મહાન ભક્તનો છે. માટે તારે તેનાથી ભયભીત થવાની જરૂર નથી. તું ધારશે તો પણ તેનો નાશ નહીં થઈ શકે; કેમ કે ભગવાનના ભક્તો અમર હોય છે, ને સ્વયં ભગવાન એમની રક્ષા કરતા હોય છે. માટે આ સ્ત્રીને તું છોડી દે. હું એને મારા આશ્રમમાં લઈ જઈશ ને રાખીશ.'

એ પછી ઈન્દ્રે દેવર્ષિ નારદના વચનને માન આપીને મારી માતાને છોડી દીધી.

દેવર્ષિ નારદના આશ્રમમાં મને જે વાતાવરણ મળ્યું તે સાત્વિક હતું. કેટલું સુંદર ને શાંત, હૃદયદ્રાવક વાતાવરણ ? ત્યાં નિયમિત શાસ્ત્રાધ્યયન થતું, કથાવાર્તા તથા સંકીર્તન થતું. જે લોકોત્તર ભક્તપુરૂષો કે સંતો આવતા તેમનાં દર્શન, સમાગમ ને પ્રવચનનો લાભ મળતો. ત્યાં જ મારો જન્મ થયો. એ હૃદયસ્પર્શી વાતાવરણમાં જ મારા બચપણની શરૂઆતનો કાળ મેં કાઢ્યો. એ એક મહાન ભાગ્ય હતું. એ વાતાવરણે મારા પર ભારે અસર કરી. મને થયું - ઈશ્વરની ભક્તિ કરવા, ઈશ્વરને મેળવવા અને બીજાને સન્માર્ગે ચઢાવવા માટે જ આ મનુષ્યજીવન મળેલું છે. આ હાથમાં આવેલા હીરાને નકામો વેડફી નાખવો ના જોઈએ. સત્સંગના પ્રભાવથી મને એ સંકલ્પ વારસામાં મળ્યો.

પછી તો મારા પિતા તપશ્ચર્યા પુરી કરી ઘેર આવ્યા, એટલે નારદજીએ અમને એમની પાસે પહોંચાડી દીધા. આ મારા બાલ્યાવસ્થાના સંસ્કાર જ અત્યારે કામ લાગ્યા છે, ને બીજમાંથી અંકુરરૂપે ઉગી નીકળ્યા છે. એમણે જ મને ભક્ત કે જ્ઞાની બનાવ્યો છે.' આ સાંભળી વિદ્યાર્થીઓની શંકાનું સમાધાન થયું.

ભાગવતની આ કથા કહી જાય છે કે બાલ્યાવસ્થા એ જીવનની અત્યંત મહત્વની અવસ્થા છે. તે વખતે પડેલા સંસ્કાર જીવનમાં કાયમી અસર પહોંચાડે છે, ને વજ્રલેપ જેવા બની જાય છે. એ વખતનું વાતાવરણ પોતાની અમીટ છાપ મુકી જાય છે. એ વખતની ટેવો ને વિચારસરણી તથા ભાવનાઓ જીવનમાં ઘર કરે છે. માટે વાતાવરણ તથા સંગની પસંદગી કરવામાં બહુ જ સાવધ રહેવાની જરૂર છે. બાળકોએ, બાળકોમાં રસ લેતા કે બાળશિક્ષણમાં પડેલા બધાએ આ વાત ધ્યાનમાં રાખવાની છે. બાળકનું ભાવિ જીવન સત્વશીલ બને એ માટે સહયોગ આપવાનો છે.

બાળકોએ જ શા માટે ? વિકાસની નજરે તો ગમે તેવી મોટી ઉંમરના માણસો પણ બાળકો જ છે, એટલે એમણે પણ જીવનને જીવવા જેવું અથવા તો ઉત્તમ બનાવવા માટે, વાતાવરણ ને સંગની પસંદગી પર પુરતું ધ્યાન આપવું જોઈએ. જીવનમાં જેમને કોઈ નોંધપાત્ર વિકાસ કરવો છે, ખાસ કરીને આધ્યાત્મિક વિકાસ, તે તો વાતાવરણ કે સંગ પ્રત્યે દુર્લક્ષ કરે તે ન જ ચાલે.

*　　*　　*　　*　　*

## ૩૨. શિષ્યની પરીક્ષા

ભારતમાં પદયાત્રા કરતા ગુરૂ નાનક જનસમાજને ઉપદેશ આપતા બધે ફરી રહ્યા હતા. એમનો ઉપદેશ ભ્રાતૃભાવનો, સેવાનો, સહુમાં રહેલા ઈશ્વરની ઝાંખીનો અને વ્યવહારમાં રહેવા છતાં, એથી અલિપ્ત રહેવાનો હતો. એ પોતે એવું જીવન જીવતા કે લોકો એમનામાંથી પ્રેરણા મેળવતા. હજારો લોકો એમની છત્રછાયા નીચે એકઠા થયા હતા. ભારતના બધા ભાગના લોકો એમને માનતા ને પુજ્યભાવથી જોતા - છતાં પંજાબમાં એમનું વર્ચસ્વ વધારે હતું. પંજાબ એમની જન્મભુમિ ને કર્મભુમિ પણ હતી, એટલે ત્યાં એમના અસંખ્ય શિષ્યો હતા. એ પોતાને શીખ કહેવડાવતા, ને શીખધર્મ પાળતા. શીખધર્મના પ્રણેતા તરીકે ગુરૂ નાનકને ભારે માનની નજરે જોતા.

પરંતુ દીવા નીચે અંધારૂ હોય છે, તેવી જ રીતે નાનકનો ઉપદેશ એમના મોટા ભાગના શિષ્યોને જ નહોતો લાગ્યો. એ બધા અંદરઅંદર ઈર્ષા કરતા. એ ઈર્ષાનું કારણ હતું - નાનક પાસે લહ્ના નામનો એક છોકરો હતો તે. તે ઘણો સેવાભાવી અને સંસ્કારી હતો, એટલે નાનક એ છોકરા તરફ વિશેષ પ્રેમભાવ રાખતા. લહ્ના ગાતો પણ સારૂં. નાનકનાં રચેલા ભક્તિભાવથી ભરેલાં પદો એ એટલા ઉમળકા ને રસપુર્વક ગાતો કે શ્રોતાજનો ડોલી ઉઠતા. નાનક એના પ્રત્યે વિશેષ ભાવ રાખે એ સ્વાભાવિક હતું.

એ ભાવ જોઈ શિષ્યો અંદરઅંદર વાતો કરતા : ‘લહ્નો ભાગ્યશાળી છે. ગુરૂ એના પર કેટલો બધો પ્રેમ રાખે છે ! પોતાની પાછળ ગુરૂ એને જ ગાદીનો વારસ બનાવશે, એમાં શંકા નથી. આપણે બધા રહી જઈશું.’

નાનક સમજી ગયા કે લહ્ના પર બીજા શિષ્યો ઈર્ષ્યાભાવ રાખે છે. એમને દુઃખ તો થયું, પરંતુ દુઃખી થઈને બેસી રહેવાને બદલે એમણે શિષ્યોની બુદ્ધિ ઠેકાણે લાવવાનું વિચાર્યું. ગુરૂ તરીકે એમની તે ફરજ પણ હતી.

એક દિવસ પોતાના રોજના કાર્યક્રમ પ્રમાણે શિષ્યો સાથે વાર્તાલાપ કરતા એ ફરવા નીકળ્યા. રસ્તામાં એમણે કહેવા માંડ્યું : ‘ગુરૂમાં ગાઢ શ્રદ્ધા રાખવાથી બધું કામ સહેલું થઈ જાય છે. પ્રકાશ પામી ચુકેલા ગુરૂ અને ઈશ્વર એક છે - એ બન્નેમાં ભેદ નથી.’

શિષ્યોએ કહ્યું : ‘બરાબર છે. ગુરૂ અને ઈશ્વરને અમે એક જ વસ્તુના બે નામ માનીએ છીએ. એમાં અમારી ભેદબુદ્ધિ નથી.’

‘ગુરૂના વચનમાં પણ એવી રીતે વિશ્વાસ રાખવો જોઈએ.’ નાનકે કહ્યું : ‘ગુરૂનું વચન એ વેદવચન છે. એમાં કોઈ કારણે કોઈ પ્રકારની શંકા કરવાની ન હોય.’

‘સાચું છે. ગુરૂના વચનમાં પણ અમને વિશ્વાસ છે.’ શિષ્યોએ કહ્યું.

એટલીવારમાં તો ગુરૂ નાનક રસ્તામાં અટકી પડ્યા. રસ્તાની એક બાજુ ઘોર જંગલમાં એક મડદું પડ્યું હતું.

ગુરૂએ કહ્યું : ‘તમારામાં જે મારો વિશ્વાસુ શિષ્ય હોય, તે આ મડદાને એક બાજુથી છરા વતી કાપી નાખે, ને મારા દેખતાં જ ખાઈ જાય.’

એવું કહી ગુરૂએ મડદાં પર સફેદ દુધ જેવી ચાદર ઓઢાડી દીધી.

શિષ્યો એકમેક તરફ જોઈ રહ્યા. મડદાનું માંસ ખાવા કોણ તૈયાર થાય ? ગુરૂવચનમાં વિશ્વાસ રાખવાની વાતો કરનારામાંથી કોઈ તૈયાર ન થયું, ત્યારે ગુરૂએ કહ્યું : ‘બસ, મારા વચનની કીંમત આટલી જ ?’

એ સાંભળી લહનો આગળ આવ્યો ને કહ્યું : ‘હું તમારા કહ્યા પ્રમાણે કરી બતાવીશ.’

ગુરૂએ એને ઘણો વાર્યો, પણ એણે ન માન્યું.

‘મને તમારામાં શ્રદ્ધા છે. તમે જે કહો છો તે ભલા માટે જ છે, એવો મારો વિશ્વાસ છે.’ એમ કહી એણે છરો કાઢ્યો, ને મડદું કાપવા ચાદર ઉંચી કરી. પરંતુ આ શું ? ચાદર ઉંચી કરતાં જ, મડદાંને બદલે તાજાં ફળનો ઢગલો દેખાયો. શિષ્યો આશ્ચર્યચકિત થઈ ગયા. લહનાને પણ ઓછું આશ્ચર્ય ન થયું.

નાનકે કહ્યું : ‘લહનાની શ્રદ્ધા કેવી અચળ છે તે જોઈ શક્યા ને ? એના પર હું એટલા માટે જ વધારે પ્રેમ રાખું છું. મારા ગાદીવારસ તરીકે એ જ લાયક છે. હવે તમે એની ઈર્ષ્યા ન કરશો.’

ઈર્ષાની આગ એવી રીતે વિશ્વાસના પ્રત્યક્ષ ઉદાહરણથી જ શાંત થઈ શકે. મહાપુરૂષોની ઉપદેશપદ્ધતિ કેવી અજબ હોય છે ?

* * * * *

## ૩૩. ગુરૂની પ્રાપ્તિ

ચાર વર્ષ પહેલાં હિમાલયના ઋષિકેશ સ્થાનમાં મારી પાસે એક ભાઈ આવ્યા. તે ગ્રેજ્યુએટ હતા, અને મુંબઈમાં શિક્ષક હતા. વરસો પહેલાં અમે મુંબઈમાં ભણતા. હું હિમાલયમાં રહું છું એવી એમને ખબર હોવાથી ભારતનાં કેટલાંક તીર્થોનો પ્રવાસ કરતાં કરતાં તે મને મળવા માટે આવી પહોંચ્યા.

'મને તીવ્ર વૈરાગ્ય થયો છે' તેમણે કહ્યું : 'એટલે તમને શોધતો શોધતો અહીં પહોંચ્યો છું. કોઈ ઉત્તમ કોટિના ગુરૂના ચરણોમાં બેસી હવે મારા જીવનનું કલ્યાણ કરી લેવું છે. તમે તો અહીં કેટલાય વખતથી રહો છો, કેટલાય લોકોત્તર સંતો કે મહાપુરૂષોને ઓળખતા હશો. એમાંથી એકાદ-બેનો પરિચય કરાવશો, તો હું કોઈને ગુરૂ કરી શકીશ.'

મેં કહ્યું : 'તમારી ભાવના સારી છે; પરંતુ વખત એવો છે કે અહીં પણ હવે લોકોત્તર સંતો કે મહાપુરૂષોની કમી છે. એવા મહાપુરૂષો અહીં ઘણાં છે એવું ન માની લેતા. ઈશ્વરની કૃપા હોય તો જ તેવા મહાપુરૂષોનું દર્શન થઈ શકે છે. શાસ્ત્રોએ ગુરૂ કરવાનું કહ્યું છે, પરંતુ ગુરૂ માટે નિરર્થક ઉતાવળ કરવાની જરૂર નથી. પહેલાં તો અહીં શાંતિથી નિવાસ કરો. પછી અહીં રહેનારા સંતપુરૂષોની મુલાકાત લો, તેમને જુઓ ને સાંભળો, તે પછી તમને કોઈ ગુરૂ કરવા લાયક લાગે તેમને ભલે ગુરૂ કરો. મારી નજરે આ પદ્ધતિ બરાબર છે.'

તેમણે કહ્યું : 'વખત મારી પાસે પુરતો છે, છતાં હું એટલી બધી ધીરજ નહીં રાખી શકું.'

'તમારો વિચાર ગમે તેવો હોય.' મેં કહ્યું : 'પણ તમે સંન્યાસ કે ભગવાં પહેરવા ઉતાવળા ન થશો. સંન્યાસ કાંઈ રમત નથી. એ તો સાધના છે. ઉંડો ને પુરતો વિચાર કરીને આશ્રય લેવા જેવી વસ્તુ છે. અહીં તો કેટલાય સાધુસંન્યાસીઓ છે. એમ ઉતાવળા થશો તો કામ નહીં ચાલે. જીવનમાં એકવાર થયેલી ભુલ ફરીવાર સુધારવાનું મુશ્કેલ બને છે.'

મારી સલાહ તેમને પસંદ પડી કે કેમ તે તો તે જ જાણે; પરંતુ અઠવાડિયા પછી તે મારી પાસે આવી મને કહેવા માંડ્યા :

'ગંગાની પેલી બાજુએ જે ઝાડી છે, તેમાં કુટીરો છે. તેમાંથી એક કુટિરમાં એક મહાપુરૂષ રહે છે. આજે જ મને તેમનું દર્શન થયું. તે એટલા બધા પ્રતાપી છે કે વાત નહિ. તેમનું શરીર પણ સુંદર છે. તેમણે મને સંન્યાસ આપવાનું કહ્યું છે. મારું મન પણ એમને જોઈને ઠર્યું છે. એવા મહાપુરૂષ સંસારમાં ભાગ્યે જ મળે.'

મેં કહ્યું : 'તમે હજુ સંસારમાં બરાબર ફર્યા નથી, ને આમ એમને ઉપમા આપવા ન મંડી જાવ. કોઈ મહાપુરૂષ છે કે નહિ તેનો નિર્ણય તેનું શરીર જોઈને નથી થઈ શકતો, તેની અંદરની લાયકાત જોવી પડે છે.'

પરંતુ મારી વાતને એમણે માની નહિ. બે દિવસ પછી એ મારી પાસે આવ્યા ત્યારે એમનો ચહેરો ફીક્કો પડી ગયો'તો. એમણે ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં.

મેં પુછ્યું : 'કેમ દીક્ષા લીધી ?'

એમણે કહ્યું : 'લીધી તો ખરી, પણ ભુલ થઈ ગઈ. તમારી સલાહ પર ધ્યાન ન આપ્યું ને ખોટી ઉતાવળ કરી. પણ હવે શું થાય ? મારું તો બધું જ જતું રહ્યું.'

અને એમણે એમની આપવીતી કહી. દીક્ષા લેવા એ ઝાડીમાં ગયા તો ખરા, પણ ભગવું વસ્ત્ર પહેરાવ્યા પછી પેલા પ્રતાપી લાગતા લંગોટધારી, સુદૃઢ સાધુપુરૂષે એમના બે શિષ્યો પાસે, એમને ધમકાવીને લુંટી લીધા. એમની પાસેથી ૩૦૦ રૂપિયા રોકડા, પ્રાયમસ, વાસણ, કપડાં, ચંપલ, કામળા બધુ લાકડી બતાવીને લઈ લીધું, અને કોઈને પણ કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી. સાધુઓનો એ અભિનય જોઈને આ ભાઈ તો કંપવા લાગ્યા, અને માંડ કરીને પહેરેલાં ભગવાં વસ્ત્ર સાથે, એ એકાંત ઝાડીમાંથી નાસી છુટ્યા.

'મને ખબર નહિ કે ઝાડીમાં આવા સાધુ રહેતા હશે.' એમણે ઉપસંહાર કર્યો : 'તમારું માન્યું હોત તો આવું ન થાત.'

મેં કહ્યું : 'તમારો આ અનુભવ તમને તો કામ લાગશે જ, પણ ગુરૂ કરવાની ઉતાવળવાળા બીજા અનેકને કામ લાગશે. ગુરૂ કરનારે કે કરવા માગનારે કેટલા સાવધ, વિવેકી ને જાગ્રત રહેવું પડે છે તે આ પરથી શીખી શકશો તો પણ ઘણું.'

* * * * *

**સમાપ્ત**



## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*